

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ, આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઊંઘતાં એનો પ્રયત્ન જોઈએ, એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તો જોયા વિના ચેન ન પડે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૭૮) ❊ આત્મધર્મ ❊ (અંક-૬ વર્ષ-૪૮) □ વીર સં. ૨૫૧૮ ડિસેમ્બર, ૧૯૯૧



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* આત્માની સાધનાદિ વિધિમાં માત્ર એક જ્ઞાન જ પ્રસિદ્ધ ગુણ છે તથા જ્ઞાન જ સ્વાનુભવમાં એક કારણ છે તેથી તે જ્ઞાન જ પરમપદ છે. ૨૮૪. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૧)

* (હે ભવ્ય પ્રાણી!) તું આમાં (જ્ઞાનમાં) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; (આમ કરવાથી) તને ઉત્તમ સુખ થશે. ૨૮૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૦૬)

* બાર અંગરૂપ શ્રુતસમુદ્ર શુદ્ધ આત્માનો અંશ છે. જ્યાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ ત્યાં તેનું મારે શું કામ છે? ૨૮૬.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૩, ગાથા-૯)

* આ આત્માનું સાચું નિધાન આ આત્માની સમીપ જ છે. તેને પીછાણતાં જ તે સુખી થઈ જાય. મારો આત્મા અનંતજ્ઞાનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે. મારા ઉપયોગને આધીન તે બની રહ્યું છે. હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધારણ કરી રાખું તો અનાદિ દુઃખ મટી જાય અને પરમપદને ભેટીશ. એ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો માર્ગ સુગમ છે, દૃષ્ટિ-ગોચર કરવો જ દુર્લભ છે; તે સંતોએ સુગમ કરી દીધો છે. ૨૮૭.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૧૨)

કહાન
સંવત-૧૨
વર્ષ-૪૮
અંક-૬
[ ૫૭૮ ]

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
DEC.
A.D. 1991




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 પોતાનું દ્રવ્ય જ મુક્તિનું દાતા છે 卐

[ શ્રી નાટકસમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૧૧ ]

શ્રી નાટક સમયસારજી શાસ્ત્રની ઉત્થાનિકાનો આ ૩૪મો શ્લોક છે. જેમાં કવિવરે મોક્ષનું વર્ણન કર્યું છે.

थिति पूरन करि जो करम खिरै बंधपद भानि ।
हंस अंस उज्जल करै मोक्ष तत्त्व सो जानि ॥ ३४ ॥

ભગવાનઆત્મા અબંધસ્વરૂપ છે. તેમાં જે રાગાદિભાવ છે તે બંધસ્વરૂપ છે, તે બંધનો એકદેશ નાશ થવો તેનું નામ નિર્જરા અથવા ધર્મ છે અને તેનો સર્વથા નાશ થવો તેનું નામ મોક્ષ છે.

જેમ હંસની ચાંચમાં ખટાશ છે તો એ દૂધ અને પાણીને જુદાં કરી નાંખે છે. તેમ આ આત્મહંસ નિજ શુદ્ધ આત્માના આશ્રયે રાગાદિ આસ્રવોનો નાશ કરીને આત્મા પોતાના અંશને એટલે દશાને ઉજ્જવળ કરે છે અને તે દશાને પૂર્ણ નિર્મળ કરે તેનું નામ મોક્ષ કહેવાય છે.

" મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. "

પોતાની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થાય તેનું નામ મોક્ષ છે અને અપૂર્ણ શુદ્ધતા હોય તેને સાધકદશા અથવા સંવર-નિર્જરા કહેવાય છે. સંપૂર્ણપણે રાગ-દ્વેષાદિ ભાવોનો નાશ અને પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે અને અંશે ભાવકર્મરૂપ રાગ-દ્વેષનો

નાશ અને અંશે શુદ્ધતાનું પ્રગટવું તે ધર્મ અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન છે, તે જ સંવર-નિર્જરા છે.

મોક્ષ એટલે સિદ્ધશિલામાં જઈને લટકવું એ મોક્ષ નથી. પોતાની પર્યાયમાં મલિનતાનો પૂર્ણપણે નાશ થઇને પૂર્ણપણે નિર્મળતાની પ્રાપ્તિ થવી તેનું નામ મોક્ષ છે.

અરે! એને પોતાના સ્વરૂપની ખબર નથી અને ભ્રમણાથી અનાદિકાળથી ભટકી રહ્યો છે. અનંતવાર સ્વર્ગનો દેવ થયો, અનંતવાર રાજા થયો અને અનંતવાર રાંક એટલે સો વાર માગે ત્યારે માંડ રોટલો મળે એવો ભિખારી થયો. તેને માટે કાંઈ નવું નથી. નવું તો આ છે કે પોતાના આનંદધામ ભગવાનના જ્ઞાયકભાવમાં પ્રવેશવું અને રાગથી હટવું એ કદી આ જીવે કર્યું નથી. અનંતકાળમાં એક સમય પણ આ કામ તેણે કર્યું નથી. માટે કહે છે કે, પ્રભુ! તારો ભગવાન આત્મા પૂર્ણ નિર્મળ ચિદ્કંદ છે. ચિદ્ નામ જ્ઞાનનો કંદ છે, તેની દશામાં મિથ્યાત્વનો સંપૂર્ણ નાશ તથા રાગ-દ્વેષનો અંશે નાશ કરીને નિર્મળદશા પ્રગટ કરવી તેનું નામ ધર્મ છે, તે જ મુક્તિનું કારણ છે.

સમાધિશતકમાં પૂજ્યપાદસ્વામી કહે છે કે, હું બીજાને સમજાવું એવો વિકલ્પ આવે છે તે ઉન્માદ છે. કેમ કે એ પણ રાગ છે ને! ભગવાન આત્મા તો રાગ રહિત નિર્વિકલ્પ ચૈતન્યઘન છે. તેમાં બીજાને સમજાવવાનો વિકલ્પ કે બીજા દ્વારા સમજવાનો વિકલ્પ એ બંને ઉન્માદ છે. આત્મામાં વાણી તો છે નહિ કે જેનાથી બીજાને સમજાવે કે સમજે અને વિકલ્પ ઉઠે છે તે તો રાગ છે એ રાગ પણ કાંઈ સમજતો નથી. માટે રાગ વડે પણ જીવ સમજતો નથી. આત્મા તો રાગરહિત નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છે જેમાં સમજવાના કે સમજાવવાના વિકલ્પની ગંધ પણ નથી. માટે પર્યાયમાં જે રાગાદિની એકત્વતાથી મલિનતા ઊભી થઈ છે તેને ભિન્ન કરીને નિર્મળતા પ્રગટ કરવી તે સંવર-નિર્જરારૂપ જીવનો પ્રથમ ધર્મ છે.

છઢાળામાં દૌલતરામજી કહે છે કે, 'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો, તોડી સકલ જગ દંદ-ફંદ, નિજઆતમ ધ્યાવો.' આ છઢાળા તો ઘણાને કંઠસ્થ હોય છે. વેપાર-ધંધા કરતાં કરતાં પણ આ ભાવ યાદ કરી શકે છે. તેમાં કહ્યું છે કે, લાખ, કરોડ અને અનંત વાતનો સાર એ છે કે, પૂર્ણાનંદના નાથ ભગવાનઆત્માને ગ્રહણ કરી લે.

हंस अंस उज्वल करैं। પુણ્ય-પાપના વિકલ્પ છે તે પાણી સમાન છે અને ભગવાનઆત્મા જ્ઞાનાનંદ રસકંદ છે તે બંનેને જુદાં જાણીને, જ્ઞાનાનંદમાં એકાકાર

થઈને રાગ-દ્વેષરૂપ પાણીને જુદું પાડી દેવું તેનું નામ ધર્મ છે અને એવો ધર્મ કરવાવાળા આત્માને હંસ કહ્યો છે. ભાવ સમજે તે હંસ છે. ભાવ સમજ્યા વગરના કોઈ પરમહંસ નથી.

આ નવતત્ત્વનું વર્ણન પૂરું થયું અને હવે છ દ્રવ્યના નામ અને તેનું સ્વરૂપ વર્ણવે છે. ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જોયા તેમાં છ દ્રવ્ય જોયા છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સંખ્યાએ તો દ્રવ્ય અનંત છે પણ જાતિએ છ દ્રવ્ય છે તેના નામાંતર કહે છે. આ તો નાટક છે ને! એટલે નાટકમાં જેમ હવે આ પાત્ર પ્રવેશ કરે છે એમ કરીને પાત્રનો પરિચય આપે છે ને! તેમ આમાં પણ વસ્તુનું સ્વરૂપ બતાવે છે.

અમે તો નાનપણમાં નાટક જોયા છે ને! એ વખતે તો નાટક પણ બહુ વૈરાગ્યના હતાં. અત્યારે તો અનીતિ અને અરાજકતા બહુ વધી ગયાં. ધર્મના નામે ઝગડા થવા લાગ્યા. એ વખતે તો ધર્મને કોઈ જાણતું ન હતું પણ નીતિ ઘણી હતી. નૈતિકજીવન હતાં. અત્યારે તો અનીતિ અને કાળાબજાર બહુ વધી ગયાં.

અહીં આપણે આ નાટકના પાત્રનું વર્ણન ચાલે છે. તેમાં વસ્તુ એટલે જેમાં અનંત ગુણ વસે છે તેનું નામ વસ્તુ છે. ગોમ્મટસારમાં આ વાત આવે છે કે, કોઈ પણ આત્મા હો કે પરમાણુ હો પણ જેમાં અનંતગુણ રહેલાં છે તે વસ્તુ છે. ભગવાને વસ્તુ તરીકે અનંત જીવ, અનંતાનંત પુદ્‌ગલ, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ અને અસંખ્ય કાળાણુ એમ છ પ્રકારની વસ્તુ જોઈ છે તેના નામો તો અનેક છે, તેમાંથી અમુક નામ આ પ્રમાણે છે.

भाव पदारथ समय, धन तत्त्व वित्त वसु दर्व ।
द्रविन अरथ इत्यादि बहु, वस्तु नाम ये सर्व ॥ ३५ ॥

પદાર્થને ભાવ પણ કહેવાય છે. સમયસારમાં પ્રથમ કળશમાં અમૃતચંદ્રાચાર્યે '**चित्तस्वभावाय भावाय**'માં આત્માને ભાવ કહ્યો છે.

વસ્તુને સમય પણ કહેવાય છે. सम + अय અર્થાત્ સમ્યક્ પ્રકારે પોતાનું પરિણમન કરવાવાળા છ દ્રવ્યને સમય કહેવાય છે. જીવ જીવમાં પરિણમન કરે છે, જડ જડમાં પરિણમન કરે છે. જીવ જડમાં પરિણમતો નથી અને જડ જીવમાં પરિણમતા નથી. આ દેખાય છે તે પુદ્‌ગલનો નાનામાં નાનો અણુ-પરમાણુ તે પણ પોતે પોતાથી પોતામાં પરિણમે છે. આ આંગળી હલે છે તે પોતાથી હલે છે, આત્માથી હલતી નથી. છતાં મૂઢ લોકો એમ માને છે કે તેને હું ચલાવું છું.

કોઈ પણ દ્રવ્યનું શુદ્ધ પરિણમન હો કે અશુદ્ધ પરિણમન હો પણ તે પોતાથી પરિણમે છે, પરથી નહિ. માટે તેને સમય કહેવાય છે. આત્મા પણ સમય છે અને પરમાણુ પણ સમય છે. બંને પોતે પોતાથી છે. કેમ શેઠ! આ બીડીના પત્તા વળે છે તે પોતાથી વળે છે; તમારાં વિકલ્પથી બીડીના પત્તા વળતા નથી. વળી, બીડીના બંડલ એક જગ્યાએથી જીપમાં ભરીને બીજા સ્થાને લઈ જાવ છો ને! તે તમે લઈ જતાં નથી પણ તેના એકે એક પરમાણુ સ્વયં પોતાથી પરિણમે છે. માટે જ ભગવાન તેને પણ સમય કહે છે.

વસ્તુને ધન પણ કહેવાય છે; કેમ? —કેમ કે, છએ દ્રવ્ય પોતે પોતાની માલિકીની ચીજ છે, પોતે પોતાનું ધન છે. લક્ષ્મી જ ધન છે એમ નથી. જીવ નકામો પરધનનો માલિક થઈ જાય છે. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્ય ધન છે.

વસ્તુને તત્ત્વ પણ કહેવાય છે. છએ દ્રવ્ય તત્ત્વ છે. દ્રવ્યને તત્ત્વ કહો કે તત્ત્વને દ્રવ્ય કહો બધું એક જ છે. દ્રવ્યનું સત્વ તે તેનું તત્ત્વ છે માટે દરેક દ્રવ્ય તત્ત્વ છે.

દ્રવ્યને વિત્ત એટલે લક્ષ્મી પણ કહેવાય છે. દરેક દ્રવ્ય પાસે પોત પોતાની લક્ષ્મી છે માટે આત્મા પણ વિત્ત છે, પુદ્ગલ પણ વિત્ત છે, કાળાણુ પણ વિત્ત છે. છએ દ્રવ્ય વસ્તુ છે એટલે પોતાની લક્ષ્મીથી સહિત છે તે કોઈને પોતાની લક્ષ્મી દેતાં પણ નથી અને લેતાં પણ નથી માટે દ્રવ્યને વસ્તુ પણ કહેવાય છે.

વસ્તુને દ્રવ્ય કહેવાય છે એ તો પ્રસિદ્ધ છે, ગુણ-પર્યાયના સમૂહને દ્રવ્ય કહેવાય છે. પરમાણુ પણ ગુણનો પુંજ છે, આત્મા પણ ગુણનો પુંજ છે, આકાશ પણ ગુણનો પુંજ છે આમ દરેક વસ્તુ ગુણનો પુંજ છે માટે તેને દ્રવ્ય કહે છે. દ્રવ્ય એટલે પૈસાની વાત નથી. સ્વાધ્યાયમંદિરમાં 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' આ સૂત્ર મોટા અક્ષરે લખેલું છે તે વાંચીને એક શ્વેતાંબરભાઈ કહે આ શું હશે! કરોડપતિઓ અહીં આવે છે તેની દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે એમ લખ્યું હશે! અરે ભાઈ! જૈનમાં જન્મ્યો છતાં દ્રવ્ય કોને કહેવાય તે ખબર નથી? પૈસા પાછળ મજૂરી કરી કરીને મરી જાય છે. મૂળ તો રાગ-દ્વેષની મજૂરી છે. બહારની મજૂરી તો જીવ કરી શકતો નથી. સંકલ્પ-વિકલ્પ રાગ-દ્વેષની મજૂરી કરીને મરી જાય છે. અહાહા.....! આત્મા ક્યાં છે, કેવો છે, ધર્મ કેમ થાય એ કાંઈ ખબર નહિ અને બાહ્યની ક્રિયાકલાપમાં પડયાં છે.

'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' એટલે ત્રિકાળી આનંદકંદ આત્માની અંતરદૃષ્ટિ કરીને અનુભવ કરે તે સમ્યગ્દૃષ્ટિ છે. રાગ અને એક સમયની પર્યાયની રુચિ છોડીને અનંતગુણથી અભેદ આત્માની અનુભૂતિ કરવી તે સમ્યગ્દૃષ્ટિ છે.

વસ્તુને દ્રવિન પણ કહેવાય છે. પ્રવચનસારની ૧૯૩ ગાથામાં દ્રવિન શબ્દથી વાત

કરીને દેહ અને દ્રવિન અર્થું અધ્રુવ-નાશવાન કહ્યું છે. કાયમ અવિનાશી રહેનારું દ્રવ્ય જ ધ્રુવ છે. એક સમયની પર્યાય પણ ધ્રુવ નથી. દ્રવિનને ત્યાં લક્ષ્મીના અર્થમાં અધ્રુવ કહેલ છે પણ છએ દ્રવ્યને પણ દ્રવિન કહેવાય છે.

'अरथ' છએ દ્રવ્યને અર્થ કહેવાય છે. અર્થ એટલે વાચકનું વાચ્ય. જેમ સાકર શબ્દ તે વાચક છે અને સાકર પદાર્થ તે વાચ્ય છે તેમ અર્થ એટલે પદાર્થ. જીવ પણ અર્થ છે, પુદ્‌ગલ પણ અર્થ છે અને ધર્માસ્તિ આદિ પણ અર્થ છે.

આ રીતે નાટક શરૂ કરતાં પહેલાં વસ્તુનાં જુદાં જુદાં નામ કહી દીધા કે આ શબ્દ આવે ત્યારે તેને વસ્તુ તરીકે માનજો. હવે આગળના શ્લોકમાં વિકાર અને સંયોગથી રહિત શુદ્ધ જીવન જુદાં જુદાં નામ કહે છે :—

परमपुरुष परमेसुर परमज्योति,
परब्रह्म पूरन परम परधान है।
अनादि अनन्त अविगत अविनाशी अज,
निरदुद मुक्त मुकुन्द अमलान है।
निराबाध निगम निरंजन निरविकार,
निराकार संसार सिरोमनि सुजान है।
सरवदरसी सरवज्ञ सिद्ध स्वामी शिव,
धनी नाथ इस जगदीश भगवान है॥ ३६॥

આ શુદ્ધ જીવદ્રવ્યના નામ છે તે સાંભળીને એમ નહિ કહેતો કે પણ હું તો પામર છું. અરે, સાંભળને ભાઈ! તું પામર કેવો? પામરતા તો તારી મિથ્યા માન્યતાએ ઉધાર લાવેલી ચીજ છે, તે તારી વસ્તુ નથી. પર્યાયમાં મિથ્યાબુદ્ધિવાળો અજ્ઞાની પામર છે પણ તેનું દ્રવ્ય કાંઈ પામર નથી.

ભગવાનઆત્મા પરમપુરુષ છે. દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય જે શુદ્ધ આત્મા તે પરમપુરુષ છે. દેહ ભલે સ્ત્રીનો હો પણ તેનું દ્રવ્ય પરમપુરુષ છે. દરેકનું શુદ્ધ દ્રવ્ય તો પરમપુરુષ જ છે.

આત્મા પરમેશ્વર છે, જેની દશા નિર્મળ થઈ ગઈ એ તો પરમેશ્વર છે જ પણ દરેકનું શુદ્ધ દ્રવ્ય પણ પરમાત્મા જ છે. અરે! તીર્થંકર થઈ ગયા તે પરમાત્મા છે અમે કાંઈ પરમાત્મા હોઈએ! હા. તીર્થંકર તો દશાએ પરમાત્મા થઈ ગયા પણ તારો સ્વભાવ તો ત્રિકાળ પરમાત્મા છે. જો સ્વભાવ પરમાત્મસ્વરૂપ ન હોય તો પર્યાયમાં ક્યાંથી આવશે! જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ છે તો તે ઘસવાથી બહાર

આવે છે. ન હોય તો ક્યાંથી આવે! પથ્થરને ગમે તેટલો ઘસી નાંખો પણ તીખાશ નહિ આવે કેમ કે, તેમાં તીખાશ છે જ નહિ.

તેમ ચૈતન્યરાજામાં પરમેશ્વરપદ પૂરેપૂરું ભરેલું છે. પણ રાંકો થઈને એણે રતનને રોળી નાંખ્યું છે. રાગ-દ્વેષ અને વિકલ્પની દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ પરમેશ્વરપદ પડ્યું છે તેને ભૂલી ગયો છે. તેને સંતો યાદ કરાવે છે કે ભાઈ! તું તો પરમેશ્વર છો. પર્યાયમાં મિથ્યાત્વ અને અજ્ઞાન હોવાથી કાંઈ દ્રવ્યમાંથી પરમેશ્વરપદ ચાલ્યું જતું નથી. દરેક આત્મા પરમેશ્વર છે.

'परमज्योति' ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે. ભગવાન! તું ચૈતન્યપ્રકાશની અનંત જ્યોત છો. એક સમયની પર્યાયમાં વિકાર છે, સંસાર છે એવી દૃષ્ટિ છોડી દે અને અંદર જો તો તું તો પરમજ્યોતિથી ભરેલો છો. તે જ તારી ચીજ છે. એ જ તારું સ્વધામ છે. તેમાં દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે. પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. બાકી બધું થોથેથોથા છે. આ ઉત્તમ મનુષ્ય-ભવ મળ્યો અને જો ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ ન કરી ભવના અભાવનો ઉપાય ન કર્યો તો તારો મનુષ્યજન્મ નિષ્ફળ છે, વૃથા છે. પાંચ-પચીશલાખ રૂપિયા મળે અને કાંઈક બહારમાં નામ થાય તેનાથી મનુષ્યજન્મની સફળતા નથી. લોકો 'સમાજભૂષણ'નું બિરુદ આપે તેમાં તમારી શોભા નથી. આત્મા પોતે અનંતગુણના સમાજનો ભૂષણ છે. સંખ્યાએ અનંતગુણનો તું સ્વામી છો.

ભારે વાત છે બાપુ! દુનિયાથી જુદી જાતની વાતો છે. સર્વજ્ઞ વીતરાગ પરમ-દેવની વાતો દુનિયાથી જુદી જાતની છે.

'परब्रह्म' ઉત્કૃષ્ટ આનંદનો કંદ આત્મા પરબ્રહ્મ છે. પર્યાયમાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે તે તેની ચીજ નથી. તે તો નવો કૃત્રિમ રાગ-દ્વેષ ઉભો કરીને દુઃખી થાય છે, તે કાંઈ સ્વાભાવિક વસ્તુ નથી. પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, નિમિત્ત અને એક સમયની પર્યાયની દૃષ્ટિ છોડીને પરમ આનંદમય પરબ્રહ્મની દૃષ્ટિ કરવી તે પ્રથમ ધર્મ—સમ્યગ્દર્શન છે.

તારણસ્વામીના શાસ્ત્રોમાં બહુ આવે છે. 'अप्पा सो परमअप्पा' આત્મા તે જ પરમાત્મા છે. પણ અજ્ઞાની જીવને હજુ પાન બીડી વિના ચાલે નહિ, દાળ બગડે ત્યાં દિવસ બગડ્યો હોય એને આ વાત બેસતી નથી. એટલે કહે કે અમે તો પામર છીએ. ભાઈ! તું તો અતીન્દ્રિય આનંદના ભોજન જમનારો છો. પણ તને ખબર નથી માટે તું બિચારો છો. વસ્તુદૃષ્ટિએ તું તો પૂરણ પરબ્રહ્મ પ્રભુ છો. અવસ્થામાં વિકાર અને સંસાર છે. વસ્તુમાં વિકાર કે અપૂર્ણતા નથી.

પરમ પ્રધાન એટલે ઊંચી ચીજ. દરેકમાં ઊંચામાં ઊંચી મુખ્ય ચીજ આત્મા છે. આવી વસ્તુને જોઈને અંતરમાં દૃષ્ટિ કરીને બહિર્દૃષ્ટિ છોડવા માટે આ વાત કહેવાય છે.

ભગવાન આત્મા અનાદિ અનન્ત છે. જે છે તેની આદિ શું! જે છે તેની ઉત્પત્તિ કેવી! જે છે તેને કોણ બનાવે! ભૂતકાળ...ભૂતકાળ તેની કોઈ શરૂઆત નથી. તેમ આત્મા પણ અનાદિનો છે તેની કોઈ આદિ નથી. તેની દૃષ્ટિ કરી નહિ અને એક સમયની પર્યાય આવે છે ને જાય છે તેની દૃષ્ટિ કરીને આ જીવ મિથ્યાદૃષ્ટિ થઈ રહ્યો છે. ભગવાન આત્મા તો અનાદિનો છે અને અનંતકાળ રહેવાનો છે. જે સત્ છે તેનો કદી નાશ ન હોય. જે છે તે સર્વકાળે છે...છે...ને છે...જે છે તે કદી નાશ પામતો નથી.

અવિગત નામ આત્મા સર્વને જાણનારો છે. ત્રણકાળ ત્રણલોકને તો જાણે પણ તેથી અનંતગુણા લોક હોય તોપણ એક સમયમાં જાણી લે એવો તેનો સ્વભાવ છે. વિશેષ પ્રકારે જાણવાનો આત્માનો સ્વભાવ છે. તે કોઈને ન જાણે એમ ન બને. પણ આત્મા કોઈનો કરવાવાળો નથી. પરને તો ન કરે પણ રાગને કરવો એ પણ આત્માનો સ્વભાવ નથી.

જે આત્માને રાગસહિત માને છે તે જ રાગનો કર્તા આત્માને માને છે. આત્મા તો ખરેખર જાણવાવાળો છે. આત્મા રાગનો કર્તા પણ નથી, ભોક્તા પણ નથી અને રાગનો છોડનાર પણ નથી. હું આત્મા ત્રિકાળ અવિગત વિશેષ પ્રકારે સૌને જાણવાના સ્વભાવવાળો છું. હું જ્ઞાનને ગમ્ય છું.

અહો! આવા આત્માના જ્ઞાન વગર, તેની શ્રદ્ધા કેમ થાય તેની ખબર વગર જીવે અનંતકાળ ગુમાવ્યો છે. ધર્મ વિના અનંતકાળ ગાળ્યો છે અને ધર્મના નામે પણ અધર્મને સેવ્યો છે.

અવિનાશી આત્મા ત્રિકાળ ધ્રુવ અનાદિ અનંત અવિનાશી છે. શરીરાદિ વિનાશિક છે પણ હું તો અવિનાશી આતમરામ છું. રાગાદિ વિનાશીક છે અને એક સમયની પર્યાય પણ વિનાશીક છે. હું એક ધ્રુવ અવિનાશી છું.

'अज' આત્મા જન્મથી રહિત છે. આત્માની સત્તા સદા એવી ને એવી છે. શરીરના સંયોગ અને વિયોગે જન્મ-મરણ કહેવાય છે પણ આત્માને કદી જન્મ-મરણ જ નથી. યોગસારમાં યોગીન્દ્રદેવે કહ્યું છે કે જન્મ એ તો કલંક છે—આત્માને શરીરનો સંયોગ થવો તે કલંક છે. જેમ, હાથમાં કે પગમાં છઠ્ઠી આંગળી હોય તો તે કાપવાની ચીજ છે, રાખવાની ચીજ નથી. તેનાથી પંજો શોભતો નથી તેમ શરીરનો સંયોગ

થવો તે આત્માને કલંકરૂપ છે. તે રાખવાની ચીજ નથી. રાગ-દ્વેષ પણ આત્માને કલંક છે. પુણ્યભાવ પણ મેલ છે, કલંક છે. પુણ્યથી મળતા સંયોગો તો ધૂળ છે, તે તો આત્માની ચીજ નથી પણ પુણ્યભાવ પણ આત્માને કલંક છે.

આત્મા નિરદ્વંદ છે. તેમાં બેપણું નથી. અદ્વૈત ચિદાનંદ પરમાત્મા છે. પુણ્ય-પાપ, હરખ-શોક આદિ દ્વંદનો તેનામાં અભાવ છે. છઢાળામાં આવે છે તે પહેલાં કહ્યું ને! 'લાખ બાતકી બાત...છોડી જગત દ્વંદ ફંદ નિજ આતમ ધ્યાવો.' પણ તેનો અર્થ કરે નહિ, ભાવ સમજે નહિ અને માત્ર મોપાટની જેમ બોલી જાય તેનાથી કાંઈ લાભ ન થાય. એકરૂપ ચીજમાં વળી દ્વંદ કેવો! આત્મામાં સંસાર કેવો? રાગરૂપ દ્વંદ-ફંદ આત્મામાં છે જ નહિ. માટે ભગવાન આત્માને નિર્દ્વંદ કહ્યો છે.

'मुक्त' આત્મા તો મુક્તસ્વરૂપ જ છે. પર્યાયમાં બંધ થાય છે અને મુક્તિ થાય છે તેનાથી રહિત આત્મા તો ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે. સિદ્ધદશા થાય છે તેમાં પર્યાયમાં મુક્તિ થાય છે પણ દ્રવ્ય તો સદાય મુક્ત જ છે. સમયસારમાં ૧૫મી ગાથામાં કહ્યું છે ને! 'જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જુએ છે તે સકળ જિનશાસનને દેખે છે.' જેણે કર્મના બંધનથી રહિત પોતાની દૃષ્ટિ કરી, વીતરાગભાવ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું અને જેને ભાવશ્રુતજ્ઞાનનો ઉપયોગ પ્રગટ થયો તેણે આખું જૈનશાસન જોઈ લીધું અને તેને નથી જોયું તેણે કાંઈ નથી જોયું. વસ્તુ સદાય મુક્ત છે. વસ્તુને બંધન કેવી રીતે હોય? વસ્તુમાં બંધન હોય તો તો વસ્તુનો જ અભાવ થઈ જાય.

આત્મા તો આનંદકંદ—ચૈતન્યદળ ધ્રુવ પરમાત્મા છે. તેને બંધ કેવો? એક સમયની પર્યાયમાં રાગાદિ વિકાર અને બંધ છે પણ વસ્તુમાં બંધ કેવો! આત્મા વસ્તુ ત્રિકાળ બંધરહિત મુક્ત છે.

આ નવતત્ત્વની અંદર એક આત્મતત્ત્વ કેવું છે તે બતાવાય છે.

આત્મા 'મુકુંદ' છે. એટલે આત્મા મોક્ષનો દેવાવાળો છે. વસ્તુ પોતે મુક્તસ્વરૂપ છે અને પર્યાયમાં મુક્તિને દેવાવાળો છે. આમ કહીને વ્યવહાર મોક્ષમાર્ગથી મુક્તિ થાય કે નિશ્ચય મોક્ષમાર્ગથી મુક્તિ થાય એ બંને વાત છોડી દીધી છે. પોતાની મુક્તિ—નામ પરમાત્મપદને દેવાવાળો આત્મા પોતે જ છે. જેમાં મુક્તિ હોય તેમાંથી મુક્તિ આવે ને! વ્યવહાર સમ્યગ્દર્શન એ રાગ છે તેમાંથી તો મુક્તિ ન આવે પણ નિશ્ચય મોક્ષમાર્ગમાંથી પણ મુક્તિ નથી આવતી. મુક્તિ દેવાવાળું તો દ્રવ્ય છે. બીજા પરમાત્મા આ જીવને મુક્તિ આપે એ વાત પણ વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી મુક્તિનું દાતા પોતાનું દ્રવ્ય જ છે.

—*—

[ ક્રમશઃ ]

# 卐 સ્વ-પર-પ્રકાશક જ્ઞાનસ્વભાવ 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૩ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની ૪૯ ગાથા પૂરી થઈ. હવે ૫૦મી ગાથામાં શિષ્ય પૂછે છે.

શિષ્ય પૂછે છે કે મહારાજ આત્મા કેવો છે! આપના જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ કેવું આવ્યું છે? કોઈ વેદાંતી આદિ તો જીવને સર્વવ્યાપક કહે છે, સાંખ્ય દર્શનવાળા તો જીવને જડ કહે છે, બૌદ્ધદર્શનવાળા જીવને શૂન્ય કહે છે અને જિનધર્મી તો જીવને વ્યવહારનયથી દેહપ્રમાણ અને નિશ્ચયનયથી લોકપ્રમાણ કહે છે. તો ખરેખર આત્મા કેવો છે અને કેવો નથી તે આપ અમને સમજાવો.

વેદાંતી આદિ જીવને સર્વવ્યાપક કહીને તેને મોટો બતાવે છે પણ સર્વમાં વ્યાપકપણાથી જીવની મોટાઈ નથી. આત્મા તો દેહપ્રમાણ છે. એમ કહીને સર્વવ્યાપકપણાનો નિષેધ કર્યો છે. કોઈ સાંખ્યમતવાળા જીવને જડ કહે છે તો વળી બૌદ્ધાદિ જીવને માલ વગરનો શૂન્ય કહે છે પણ જીવ શૂન્ય નથી. જિનધર્મી એમ કહે છે કે આત્મા દેહના સંબંધમાં રહેલો છે તે અપેક્ષાએ દેહપ્રમાણ છે પણ નિશ્ચયથી તેના પ્રદેશો લોકાકાશપ્રમાણ છે. આમ, ચાર પ્રશ્ન ઉઠાવીને શિષ્ય કહે છે કે મહારાજ! આત્મા કેવો છે અને કેવો નથી? દુનિયા તો જુદી જુદી રીતે આત્માનું સ્વરૂપ બતાવે છે પણ આપના જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ કેવું આવ્યું છે તે મને કહો.

જુઓ! શિષ્યને એક આત્માનું સ્વરૂપ સમજવાની જ જિજ્ઞાસા છે. આત્મા શું છે! ક્યાં રહે છે! કેટલામાં છે! કેવડો છે! જડ છે, શૂન્ય છે, સર્વવ્યાપક છે કે દેહપ્રમાણે છે એમ શિષ્ય ચાર પ્રશ્ન પૂછે છે.

હવે આગળ ૫૧મી ગાથામાં આચાર્યદેવ નયવિભાગ દ્વારા એટલે જ્ઞાનની વહેંચણીના પ્રકાર દ્વારા એકાન્તવાદનો નિષેધ કરીને શિષ્યના ચારેય પ્રશ્નોનું સમાધાન કરે છે કે, અપેક્ષાથી આત્મા આ સર્વપ્રકારે છે પણ એકાંતવાદથી અન્યવાદી માને છે તે બરાબર નથી. સર્વવ્યાપક એટલે આત્મા આખા લોકમાં વ્યાપેલો છે એમ નથી, શૂન્ય એટલે આત્મા પરથી તો શૂન્ય છે પણ પોતાથી શૂન્ય નથી અને નિર્વિકલ્પ

સમાધિ કાળે ઈન્દ્રિય જ્ઞાન નથી એ અપેક્ષાએ જડ છે પણ સ્વસંવેદન-જ્ઞાન પણ જીવમાં નથી એમ નથી.

અર્થ :—હે પ્રભાકરભટ્ટ! આગળ કહ્યા અનુસાર નયના ભેદથી આત્મા સર્વગત પણ છે, આત્મા જડ પણ છે અને આત્મા દેહપ્રમાણ પણ છે અને શૂન્ય પણ છે. નયવિભાગથી આ પ્રમાણે માનવામાં કોઈ દોષ નથી. એમ તાત્પર્ય છે.

જુઓ! આ આત્માની સ્થિતિ! શ્રીમદ્જી એક પત્રમાં લખે છે કે અરે! આવો મનુષ્યભવ મળ્યો અને તેમાં જો જીવનું જીવન આત્માની આવી મહાન જ્ઞાનાનંદમય હયાતીના લક્ષ અને દૃષ્ટિ વગર જાય તો તેને અમે ધિક્કારીએ છીએ. મનુષ્યભવનો સમય તો બહુ અલ્પ છે તે સમય જો આત્મા એક સમયમાં અનંત ભાવસ્વરૂપ શક્તિવાળો છે તેની દૃષ્ટિ વગર જાય તો તે ધિક્કારને પાત્ર છે.

અહીં શિષ્યને પોતાને જિજ્ઞાસા ઊઠી છે ને કે આ આત્મા કેવો છે? પરમાત્માને કેવો જોયો છે અને એવો આત્મા મને કેમ દેખાય! એવી ધગશથી શિષ્યને જિજ્ઞાસા થઈ છે.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવમાં રહેલો છે. તે બધાંને જાણવાના સ્વભાવવાળો છે પણ રાગ સ્વભાવવાળો નથી. પુણ્ય-પાપ અધિકારમાં લીધું છે કે આત્મા સર્વજ્ઞ-સર્વદર્શિસ્વભાવવાળો હોવા છતાં એવા પોતાના સ્વભાવનો નિષેધ કરીને અને પરના અસ્તિત્વનો સ્વીકાર કરીને પોતાની વર્તમાન પર્યાયમાં સર્વનું જાણવું-દેખવું કરતો નથી. તેનો સ્વભાવ તો સર્વને જાણવા-દેખવાનો જ છે. કોઈ બીજી ચીજ મારામાં છે એવું માનવાનો એનો સ્વભાવ નથી અને કોઈ પણ પરને ન જાણે એવો પણ એનો સ્વભાવ નથી. તેના જ્ઞાનમાં સર્વનું જાણવું થાય એવો સ્વભાવ છે. કોઈ પરને મારા માની લેવા એવું એના સ્વભાવમાં નથી. સ્વ અને પર બધાંને એકસાથે જાણી લેવાનો સ્વભાવ છે. હવે જુઓ! આવા જ્ઞાન સ્વભાવવાળા આત્માને પરને પોતાના માનીને તેમાં રોકાવું એ કેવું કહેવાય!

આત્મા વસ્તુ જ એવી છે કે જાણવું અને દેખવું એ એનો સ્વ...સ્વ... સ્વભાવ છે. છતાં એવા જ્ઞાન-દર્શન સ્વભાવી પોતાની હયાતીનો સ્વીકાર નહિ કરીને, પર અને રાગમાં જ પોતાની હયાતી માનીને પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સર્વને જાણવા-દેખવાવાળા પોતાના સ્વભાવને ભૂલી ગયો છે. તેથી વર્તમાન અલ્પજ્ઞપર્યાયમાં સ્વભાવનું જ્ઞાન અવરાઈ ગયું છે.

આત્મવસ્તુ, તેનો જ્ઞાન-દર્શનસ્વભાવ એટલે કે સર્વને જાણવા-દેખવાના

સ્વભાવવાળું તેનું અસ્તિત્વ તે આત્મા છે. આવો આત્મા દૃષ્ટિમાં લીધા વિના તેણે આત્માને માન્યો છે એમ ન કહેવાય. તેને તો આ દેહનું અસ્તિત્વ એ જ મારું અસ્તિત્વ છે, તેના હોવાથી હું છું, રાગ-દ્વેષના હોવાપણાથી હું છું, પરની અનુકૂળતાથી હું છું, પ્રતિકૂળતામાં એઠાઈ જાઉં એવો હું છું...આવી માન્યતાના કારણે તેનો સર્વજ્ઞ અને સર્વદર્શિસ્વભાવ છે તે પર્યાયમાં હીણો પડી ગયો છે, સંકોચાય ગયો છે. હવે એ જ જીવ જો એમ પ્રતીત કરે કે, હું તો સર્વજ્ઞ અને સર્વદર્શિસ્વભાવવાળો છું તો તેને વર્તમાનમાં શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન થઈ જાય છે.

શ્રીમદ્‌જી લખે છે કે, 'અમને શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું છે.' એટલે કે એની પ્રતીતમાં હું તો જાણનાર...જાણનાર...જાણનાર સર્વજ્ઞસ્વભાવ છું એવી પ્રતીત થઈ ગઈ છે. પહેલાં શ્રદ્ધામાં પોતાને કેવળ જ્ઞાનમય માન્યો ન હતો અને હું તો રાગવાળો અને અલ્પજ્ઞ છું એમ માન્યું હતું તે સમ્યગ્દર્શનમાં પોતાને કેવળજ્ઞાનમય છું, એકલી કેવળજ્ઞાનશક્તિમય છું એમ માન્યું તે શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું કહેવાય. અને 'નિશ્ચયનયના જ્ઞાન દ્વારા કેવળજ્ઞાન વર્તે છે' એટલે કે જ્ઞાનસ્વરૂપ જ છું અને 'ઇચ્છાદશાએ કેવળજ્ઞાન વર્તે છે' એટલે કેવળજ્ઞાન કરવાની જ ઇચ્છા છે. આમ શ્રીમદ્‌જીએ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા ત્રણેય દ્વારા કેવળજ્ઞાનમય જ છું એમ લીધું છે.

આવો ભગવાન આત્મા પ્રતીતમાં આવે ત્યારે એણે આત્માને માન્યો અને જાણ્યો કહેવાય. હરપળે આ રીતે તેની વિદ્યમાનતા વર્ત્યા કરે તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. હું સર્વજ્ઞ અને સર્વદર્શિસ્વભાવી જ છું, હું શરીરરૂપ કે રાગ-દ્વેષરૂપ તો નથી પણ અલ્પજ્ઞ અને અલ્પદર્શિપણું એવું પણ મારું સ્વરૂપ નથી. હું તો કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત આનંદનો પિંડ છું. આ રીતે બહિર્મુખતામાં જે પોતાને અલ્પજ્ઞ અને રાગી માનતો હતો તે હવે અંતર્મુખ થઈ પોતાનું કેવળજ્ઞાન અને દર્શનમય અસ્તિત્વ સ્વીકારે છે ત્યાં તેને શ્રદ્ધાએ કેવળજ્ઞાન થઈ ગયું. એટલે કે હું તો જાણનાર-દેખનાર જ છું. રાગ થાય તેનો પણ જાણનાર અને શરીરની ક્રિયા થાય તેનો પણ જાણનાર છું. એ જાણવું પણ વ્યવહારથી છે હો, રાગાદિ કે શરીરાદિમાં વ્યાપ્યા વિના તેને જાણે છે.

આ તો શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું પણ જ્યારે પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે ત્યારે એ કેવળજ્ઞાન વડે લોક અને અલોક બંનેને જાણે છે માટે જીવને સર્વગત કહેવામાં આવે છે. જ્યારે સર્વજ્ઞ અને સર્વદર્શિ સ્વભાવનું ભાન થઈને પર્યાયમાં સર્વજ્ઞ અને સર્વદર્શિપણું પ્રગટ થઈ જાય છે તેમાં લોકાલોક જણાય છે એ અપેક્ષાએ આત્મા લોકાલોકમાં વ્યાપ્યો છે એમ કહેવામાં આવે છે. એ ન્યાયે

જીવને સર્વગત કહેવો તે સાચું છે પણ વેદાંત આદિ જે રીતે સર્વગત માને છે એ રીતે આત્મા સર્વગત નથી.

જેમ મકાનનો દસ્તાવેજ કરે ત્યારે મકાનની જગ્યાનું માપ ને દિશા વગેરેનું પાકું લખાણ કરે છે ને! તેમ આત્મા કેવડો છે, કેટલા ક્ષેત્રમાં રહેલો છે, તેની દશા શું છે! એ બધું પ્રમાણ અહીં વર્ણવ્યું છે.

આ આત્મા વ્યવહારનયથી લોક અલોકને જાણે છે. વ્યવહાર કેમ કહ્યો?—કે લોકાલોકને જાણવા છતાં જ્ઞાન તેમાં એકમેક થતું નથી. એકમેક થયા વગર જાણવું તેને વ્યવહાર કહેવામાં આવે છે. અત્યારે પણ શરીરને જાણતું જ્ઞાન શરીર સાથે તન્મય થઈને શરીરને જાણતું નથી, રાગને જાણતું જ્ઞાન રાગમાં એક થઈને રાગને જાણતું નથી. અજ્ઞાની ભલે એમ માને કે રાગમાં હું તન્મય છું પણ જ્ઞાન તેમાં તન્મય નથી. રાગથી ભિન્ન રહીને જ્ઞાન રાગને જાણે છે. તન્મય થતું નથી માટે રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. તે જ રીતે કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે તે વ્યવહાર છે કેમ કે, જ્ઞાનની પર્યાય લોકાલોકમાં તન્મય થતી નથી. જો તન્મય થઈ હોય તો તો લોકાલોકના સુખ-દુઃખ પણ વેદનમાં આવવા જોઈએ પણ એમ તો બનતું નથી.

લોકાલોકને કેવળજ્ઞાન વ્યવહારથી જાણે છે તેનો અર્થ એ કે તન્મય થઈને નથી જાણતું. પણ જાણવું જ નથી થતું એમ નથી. કેમ કે તન્મય થવાનો તો એનો સ્વભાવ નથી પણ સ્વ-પર-પ્રકાશકપણે પૂર્ણ જાણવાનો તો એનો સ્વભાવ છે. નિશ્ચયથી તો જ્ઞાન જ્ઞાનને જાણે છે. કેવળજ્ઞાનનો પર્યાય જ્ઞાનને જાણે છે, પોતે પોતાને જાણે છે.

અત્યારે પણ શરીર અને રાગને જાણતું જ્ઞાન શરીર અને રાગને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે, પરને જાણવું જે પોતામાં છે તેને જાણવું તે નિશ્ચય છે.

ચૈતન્યપ્રભુ આત્મા જ્ઞાનનો સૂર્ય છે. એ સૂર્ય પ્રકાશી રહ્યો છે તેનો પ્રકાશ પરને અને રાગને પ્રકાશે છે તે વ્યવહાર છે. સ્વમાં તન્મય થઈને જ્ઞાન જ્ઞાનને પ્રકાશે તેનું નામ નિશ્ચય છે. 'સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર'.

આ રીતે જ્ઞાનની અપેક્ષાએ વ્યવહારનયથી આત્મા સર્વગત છે. સર્વને જાણવું એવો વર્તમાન સ્વભાવ ત્રિકાળ છે પણ જ્યારે તે સ્વભાવ પર્યાયમાં પ્રગટ્યો ત્યારે પૂર્ણપણે સર્વને જાણે છે એ અપેક્ષાએ આત્મા સર્વગત છે પણ પ્રદેશોની અપેક્ષાએ આત્મા સર્વગત નથી. કેમ કે આત્માનું જ્ઞાન પોતાના પ્રદેશ છોડીને પરમાં ગયું નથી. જ્ઞાન પોતાની મર્યાદા છોડીને રાગને કે શરીરને અડતું નથી. જો જ્ઞાન રાગ અને

શરીરને અડે તો તો જ્ઞાન અચેતન થઈ જાય કેમ કે રાગ અને શરીર તો અચેતન છે. સમજાણું કાંઈ !

જ્ઞાનમય ચૈતન્યની જે અસ્તિ તેમાં પ્રકાશતું જ્ઞાન શરીર અને રાગાદિને જાણે કે 'આ છે' પણ જ્ઞાન પોતાના ક્ષેત્રમાં અથવા પોતાના ભાવમાં રહીને જાણે છે. જ્ઞાન શરીર કે રાગરૂપ થઈને તેને જાણતું નથી. છતાં તે રાગાદિભાવોનું જ્ઞાન નથી એમ નથી. જ્ઞાન તો થાય છે પણ તે વ્યવહાર છે અને જ્ઞાનને જ્ઞાનનું જાણવું તે નિશ્ચય છે, પોતાને પોતે જાણવું તે નિશ્ચય છે.

વિકાર છે તે નિશ્ચયથી અચેતન છે, તો ચૈતન્યનો પ્રકાશ અને અચેતન એવો વિકાર બે એક કયાંથી થાય ! બંને એક થાય તો અડયા કહેવાય. પણ એક તો કદી થતાં નથી. તેમ આ શરીરની હાલવા-ચાલવા આદિની ક્રિયાને આત્મા જાણે છે પણ કરતો નથી અને અડતો પણ નથી. જ્ઞાન પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને છોડીને શરીરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમા જતું નથી.

આ વાત સાકરના દૃષ્ટાંતથી લઈએ તો, એક સાકરનો ગાંગડો ઓગળવા માંડયો છે તે જ્ઞાનમાં જણાયો. તો શું સાકરનું ગળપણ જ્ઞાનમાં આવી ગયું છે! સાકરનું ગળપણ તો તેના ક્ષેત્ર અને ભાવમાં રહ્યું છે તે કાંઈ જ્ઞાનના ક્ષેત્રમાં આવી જતું નથી. સાકરનું જ્ઞાન થાય છે તે કાંઈ સાકરને અડીને થતું નથી. સાકરનું અસ્તિત્વ સાકરમાં છે અને જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનમાં છે. એક-બીજાનાં ભાવ એકબીજામાં આવતાં નથી. જો ગળપણની ભાવદશા જ્ઞાનમાં આવે તો તો જ્ઞાન જડ થઈ જાય. સાકર અને તેના ગળપણ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે એ અપેક્ષાએ જ્ઞાન સાકરમાં વ્યાપ્યું છે એમ કહેવાય પણ ખરેખર જ્ઞાન પોતાનું ક્ષેત્ર અને પોતાનું અસ્તિત્વ છોડીને સાકરમાં જતું નથી.

અહીં તો કહે છે કે, તું તારી હયાતીને કેટલી માને છે? જેવડો અને જેવો છો તેવો માને છે કે તેનાથી વધારે-બીજા ક્ષેત્રમાં પણ તારી હયાતી માને છે? જગતમાં પણ કોઈ પરની વસ્તુને જાણે ત્યાં તેને પોતાની માની લેતો નથી. માણેકચોકમાં જેટલી ઝવેરાત દેખાય તે બધીને પોતાની માની લેતો નથી. તેમ આત્મા પોતાના ક્ષેત્રમાં રહીને શરીર તથા રાગને જાણે છે પણ તે કાંઈ પોતાની ચીજ નથી. જ્ઞાન રાગ તથા શરીરને જાણે પણ રાગ અને શરીરમય થતું નથી.

તેમ, ભગવાનનું જ્ઞાન લોકાલોકને જાણે છે પણ, જ્ઞાન પોતાનું ક્ષેત્ર છોડીને લોકાલોકમાં ચાલ્યું જતું નથી. જ્ઞાન તો દેહપ્રમાણ પોતાના ક્ષેત્રમાં જ રહીને સર્વને

જાણે છે. જ્ઞાનનું ક્ષેત્ર દેહપ્રમાણ હોવા છતાં દેહના ક્ષેત્રથી તેનું ક્ષેત્ર ભિન્ન છે. જ્ઞાનમય આત્મા અને તેના અનંત ગુણ-પર્યાય શરીર જેવડા પોતાના ક્ષેત્રમાં રહેલાં છે, દેહના ક્ષેત્રમાં નહિ. માટે જાણવાની અપેક્ષાએ ભગવાનનું જ્ઞાન સર્વગત છે પણ પ્રદેશોની અપેક્ષાએ સર્વગત નથી.

જીવનો સ્વભાવ સ્વ-પર-પ્રકાશક છે માટે ભગવાનનું જ્ઞાન પોતાના ક્ષેત્રમાં, પોતાના કાળે પોતાના ભાવમાં સર્વ પરદ્રવ્યને જાણે છે પણ તે કોઈ પરદ્રવ્યની અપેક્ષા રાખતું નથી. જ્ઞાન પોતાનું ક્ષેત્ર, સ્વકાળ અને સ્વ ભાવનું સામર્થ્ય છોડીને, લોકાલોકને જાણવા લોકાલોકમાં પેસતું નથી. માત્ર, લોકાલોક સંબંધીનું જ્ઞાન હોવાથી લોકાલોકને જાણે છે એમ વ્યવહારથી કહેવાય છે. પણ નિશ્ચયથી જ્ઞાન પોતાનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છોડીને લોકાલોકને જાણવા જતું નથી.

સાકરની મીઠાશનું જ્ઞાન થતાં જ્ઞાનમાં સાકરની મીઠી અવસ્થા આવી જતી નથી. જ્ઞાનની પર્યાય પોતાના ક્ષેત્રમાં રહીને સાકરની અવસ્થાને જાણી લે છે. સાકરનું ગળપણ તો જડ છે, તે કાંઈ જ્ઞાનમાં આવી જતું નથી કે જ્ઞાનને અડતું નથી. સદાય આવી સ્થિતિ છે. પરની અવસ્થા જ્ઞાનમાં આવી જતી નથી અને જ્ઞાનની અવસ્થા પરમાં જતી નથી.

વસ્તુનું-સતનું સત્પણું આ રીતે છે એમ એને જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી ભ્રાંતિ ટળે નહિ. આમ ને આમ ભ્રમણામાં કાળ ચાલ્યો જાય...

જુઓ, અહીં શાસ્ત્રમાં દાખલો આપે છે કે, જેમ રૂપવાળા પદાર્થને નેત્ર દેખે છે પણ તે પદાર્થોથી તન્મય થતું નથી. આંખ અગ્નિને દેખે છતાં આંખ અગ્નિરૂપ થતી નથી. આંખ અગ્નિને અડે તો તો આંખ જ બળી જાય. આંખ આંખમાં રહીને અગ્નિને જાણે છે. તેમ જ, બરફને જાણતાં આંખ ઠંડી થઈ જતી નથી. કેમ કે આંખ બરફમાં ગયા વગર બરફને જાણે છે. આમ, જ્ઞાન પરમાં જતું પણ નથી અને જાણ્યા વગર રહેતું પણ નથી. આવો જ્ઞાનનો સ્વભાવ છે પણ તેનો કદી વિચાર પણ કરતો નથી અને આંધળાની જેમ ચોરાશીના અવતારમાં દોડ્યો જાય છે.

ભગવાન આત્મા ચૈતન્યઆંખના પ્રકાશનું પૂર્ણ કિરણ પ્રગટ્યું કેવળજ્ઞાન થયું તે લોકાલોકને જાણે છે પણ લોકાલોકને અડતું નથી. તેમ આ મારું જ્ઞાન પણ મારા ક્ષેત્રમાં રહીને, મારા સ્વ-ભાવના સામર્થ્ય વડે શરીર અને રાગની હયાતીને જાણે છે પણ પોતાની હયાતી છોડીને આ જ્ઞાન શરીર અને રાગની હયાતીમાં જતું નથી. મારું જ્ઞાન મારા ક્ષેત્રથી બહાર જ નીકળતું નથી તો પરને અડે કેવી રીતે!

કહો, આ વાત સમજાણી કે નહિ! સાદી ભાષામાં તો વાત આવે છે. આ કાંઈ મોટાં ગડિયાં ભણવાના નથી. સત્‌ની જેટલી ક્ષેત્રની મર્યાદા, જેટલી કાળની મર્યાદા, જેટલી ભાવની મર્યાદા, જેવડી છે એવડી માને તે બરાબર છે. તેનાથી વધારે પરના ક્ષેત્રમાં પોતાની હયાતી માને તો એ તો ખોટી શ્રદ્ધા છે.

આ જ રીતે અરિહંત પરમાત્માનું જે જ્ઞાન શક્તિરૂપે હતું તે પર્યાયમાં પ્રગટ થયું એટલે કેવળજ્ઞાનની આંખ પ્રગટ થઈ તે લોકાલોકને જેમ છે તેમ જાણે છે, તો શું જ્ઞાન લોકાલોકરૂપ થઈને જાણે છે? શું લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાના સ્વભાવ-સામર્થ્યમાં નથી આવ્યું એમ છે? શું જ્ઞાન લોકાલોકમાં ગયું છે? શું લોકાલોક જ્ઞાનમાં આવી ગયું છે? સીધી વાત છે કે જ્ઞાન પોતામાં રહીને સર્વેને જાણે છે પણ એને નવરાશ કયાં છે! દુનિયાની ભાંજગડ છોડીને પોતાનું હિત કરવાની એને નવરાશ નથી.

ભાઈ! આ શરીર અને બાયડી-છોકરાં માટે આમ કરું ને તેમ કરું એમ ઘણું મથે છો પણ તું કાંઈ કરી શકતો નથી હો! તું તો માત્ર વિકલ્પ કરે છો. પરને તો તું અડી પણ શકતો નથી અને કરી પણ શકતો નથી. તારું અસ્તિત્વ તો તારા અસંખ્ય પ્રદેશી ક્ષેત્રમાં છે, તારું જ્ઞાન શરીર, મન, વાણીના કાર્યો થતાં હોય તેને જાણે ખરું, પણ જ્ઞાન શરીર, વાણી, મનમાં જાય નહિ. જ્ઞાન પોતાની મર્યાદાને છોડીને બહાર ન જાય. આવી રીતે સત્‌ની મર્યાદા છે પણ આ વાત તો કયાંય ચાલતી જ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જ્ઞાન જો વ્યવહારનયથી લોકાલોકને જાણે છે, નિશ્ચયથી નહિ એમ આપ કહો છો તો, વ્યવહારથી સર્વજ્ઞપણું થયું, નિશ્ચયથી તો સર્વજ્ઞપણું ન થયું? શ્રી સમયસારની શ્રી જયસેન આચાર્યની ટીકામાં ૪૬૬ પાના ઉપર આ જ પ્રશ્ન કરેલો છે.

આ ધર્મકથા ચાલે છે હો! ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. વસ્તુના સ્વભાવમાં કેટલું સામર્થ્ય છે અને તે પ્રગટ થાય ત્યારે કેવી રીતે અને કેટલું પ્રગટ થાય, પરને વ્યવહારથી જાણે અને પોતાને નિશ્ચયથી જાણે એ કેવી રીતે છે. આ બધું અહીં સ્પષ્ટ થાય છે. વ્યવહારથી ભગવાન લોકાલોકને જાણે છે માટે તે ખોટું છે એમ નથી, સાંભળ ભાઈ! તારાં પ્રશ્નનું ગુરુ સમાધાન કરે છે.

સમાધાન—ભગવાન જેમ પોતાના, આત્માને તન્મય થઈને જાણે છે તેમ, પરદ્રવ્યને તન્મય થઈને જાણતાં નથી. ભિન્નસ્વરૂપે જાણે છે માટે વ્યવહારનયથી જાણે છે એમ કહ્યું છે, પણ જ્ઞાનનો જ અભાવ છે એમ કહેવું નથી. ભગવાન પોતાને તો

પોતાના અસંખ્યપ્રદેશોમાં એકરૂપ રહીને જાણે છે અને પરને ભિન્ન રહીને જાણે છે એકરૂપ થતાં નથી માટે વ્યવહાર કહ્યો છે પણ જ્ઞાનથી જુઓ તો, નિજ અને પરનું જાણપણું તો સમાન છે.

આ વાત પકડાય છે કે નહિ? દાખલો લ્યો. તીખું મરચું ખાતાં મોઢું તીખું થઈ ગયું એમ કહે છે ને! પણ ખરેખર મોઢું તીખું થયું નથી, મોઢાની વર્તમાન પર્યાયમાં તીખાશ છે અને તે તીખાશનું જીવને જ્ઞાન થાય છે પણ જ્ઞાન તીખું થતું નથી. જ્ઞાન તીખાશને અડતું પણ નથી, જ્ઞાન તીખાશને અડે તો તો જ્ઞાન જડ થઈ જાય. જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે માટે જાણે છે. લીંબુની ખટાશને જ્ઞાન જ્ઞાનમાં રહીને ભિન્નપણે જાણે છે, જ્ઞાન ખાટું થઈને ખટાશને જાણતું નથી. ખાટાપણાને ભિન્ન રાખીને જ્ઞાન જાણવાનું કામ કરે છે.

જ્ઞાન જેમ પોતાને જાણે છે તેમ જ પરને જાણે છે, જાણવામાં કાંઈ ફેર નથી. માત્ર પરમાં તન્મય થતો નથી માટે તેને વ્યવહારથી જાણે છે એમ કહેવાય છે પણ લોકાલોક સંબંધીના જ્ઞાનનો જ અભાવ છે એમ કહ્યું નથી.

ભગવાન આત્મા ચૈતન્ય...ચૈતન્ય સહજાત્મસ્વરૂપ છે. આવો ભગવાન આત્મા પરને જાણે તો છે. પણ ભિન્ન રાખીને જાણે છે જો ભિન્ન ન રાખે તો પરથી એક થઈ જાય અને તો તો પોતે જ જડ થઈ જાય અને જો જાણે જ નહિ તો તો પોતાનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ જ ન રહે. સ્વ-પરને જાણવું એવું એનું પોતાનું સ્વરૂપ છે માટે સ્વ અને પર સંબંધીનું જ્ઞાન તો સમાન છે માત્ર પરમાં તન્મય થતો નથી માટે વ્યવહારથી પરને જાણે છે એમ કહ્યું છે, આવું જ વસ્તુનું સ્વરૂપ છે તે તો પ્રત્યક્ષ છે પણ તેનો અજ્ઞાની કોઈદિ વિચાર જ કરતો નથી અને ઉલટાં નિરર્થક અને પોતે ગુંચવાઈ જાય એવા ઊંડા-ઊંડા વિચારો કરે છે.

વર્તમાનમાં પણ જ્ઞાન ખાટાં-ગળ્યાંને જાણે છે તે તેમાં એક થઈને જાણતું નથી અને જાણ્યા વિના રહેતું પણ નથી. ખાટાં-ગળ્યાં સંબંધીના જ્ઞાનનો જ અભાવ છે એમ નથી. ખાટાં-ગળ્યાંમાં તન્મય થયા વગર તેને જાણે છે માટે તે જ્ઞાનને વ્યવહાર કહ્યું છે પણ ખાટાં-ગળ્યાં સંબંધીનું જ્ઞાન તો પોતાનું જ છે માટે તે નિશ્ચય છે.

જ્ઞાન પરને જાણતાં તેમાં તન્મય થઈ જતું હોય તો તો, જડને જાણતાં જ્ઞાન જડ થઈ જાય...ખાટી ચીજને જાણતાં જ્ઞાન ખાટું થઈ જાય...એમ તો કદી બને નહિ. જ્ઞાન તો અરૂપી છે તે કદી જડ ન થાય. સ્વને જાણે કે પરને જાણે, જ્ઞાન તો જ્ઞાન જ છે. આત્માને જેમ છે તેમ જાણે છે એ જ રીતે પરદ્રવ્યને તે જેમ છે તેમ જાણે છે.

માટે પરના જ્ઞાનનો જ અભાવ છે એમ નથી. ટીકામાં લખ્યું છે—न च परिज्ञानाभावात् । પરિ એટલે સમસ્ત પ્રકારના જ્ઞાનનો આત્મામાં અભાવ નથી. કેવળજ્ઞાન સર્વને જાણે છે. કેવળજ્ઞાનનું જે સ્વરૂપ છે તે જેને ન સમજાય તેને ક્રમબદ્ધ અને નિશ્ચય-વ્યવહારના વાંધા ઊઠે છે. કેવળજ્ઞાનની પર્યાયમાં ભૂલ્યો એટલે મોક્ષતત્ત્વને ભૂલ્યો...તે પોતાના સામર્થ્યને પણ ભૂલે છે અને તેને દ્રવ્ય-ગુણ-પર્યાય, પર આદિ બધાંને સમજવામાં ભૂલ પડે છે.

અહો, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા—અરિહંતના જ્ઞાનની શી વાત! જેના જ્ઞાનના બધાં કિરણો ખૂલી ગયા છે, અંશે રાગ હતો તેનો પણ નાશ થઈને જે પૂર્ણ વીતરાગ થયા છે. જેમ ફૂલની અનેક કળી સંકોચાયેલી હતી તે બધી ખૂલી જતાં ફૂલ હજાર પાંખડીએ ખીલી નીકળે છે તેમ અરિહંત ભગવાનના જ્ઞાનના સર્વ કિરણો ખૂલી ગયા છે. જે સર્વજ્ઞસ્વભાવ શક્તિ–સત્ત્વમાં હતો તે તેમાં એકાકાર થતાં પૂર્ણપણે ખીલી ગયો છે. તે કોને ન જાણે! આજે સવારે કપાસ ફાટેલો જોઈને એમ થયું અરે! કાળે કપાસ ફાટે તો કાળ પાકયે કેવળજ્ઞાન કેમ ન ફાટે! ફાટે જ. અંદર શક્તિમાં છે તે પર્યાયમાં ખીલી જાય છે. આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાનનું બીજ રોપ્યું છે તે આત્મામાં સ્થિરતા કરતાં કેવળજ્ઞાનનું ફળ પાકી જાય છે. કેવળજ્ઞાનનો ફાલ પાકે છે. આવા કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણે છે પણ તેને વ્યવહારથી જાણે છે એમ કેમ કહ્યું કે, જ્ઞાન તે–મય થઈને લોકાલોકને જાણતું નથી માટે વ્યવહાર કહ્યું પણ જ્ઞાનમાં જેવી પોતાના જ્ઞાનમાં પોતા સંબંધી યથાર્થતા છે તેવી જ પર સંબંધીના જ્ઞાનમાં યથાર્થતા છે. માટે જ્ઞાનમાં કાંઈ ફેર નથી.

આવા જ્ઞાન-દર્શનસ્વભાવી આત્માની જેને પ્રતીતિ થઈ તે પ્રતીતિએ કેટલું ઝીલ્યું છે! હું એક સર્વજ્ઞ-સર્વદર્શિ તત્ત્વ છું એવો પણ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે. વિકલ્પમાં તો પ્રતીતિ થતી જ નથી. કેમ કે, ભગવાન જ્ઞાનમૂર્તિ તત્ત્વ તેનું જ્ઞાનાનંદમય નિર્વિકલ્પ સત્ત્વ રાગવાળી પર્યાયમાં શ્રદ્ધામાં આવતું નથી. નિર્વિકલ્પ પ્રતીતિમાં જ કેવળજ્ઞાનનો ફાલ લાવનારા બીજ રોપાયા છે.

કોઈને એમ પ્રશ્ન થાય છે કે, ભગવાનના જ્ઞાનમાં નિયત અને અનિયત બંને આવતાં હશે? અરે બાપુ! ભગવાનના જ્ઞાનમાં શું ન જણાય! આ પર્યાય આ કાળે આમ જ થશે, અનિયત તો કાંઈ છે જ નહિ, આ સમયે આ જ અંશ પ્રગટ થશે એમ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. જ્ઞાન તો દરેક અંશને જુદાં જુદાં જાણે છે. કોઈ અંશને ન જાણે એવો જ્ઞાનનો સ્વભાવ નથી.

પ્રભુ! તારો પરિપૂર્ણ જ્ઞાનથી ભરેલો એકરૂપ અખંડ વસ્તુસ્વભાવ છે તે સંપૂર્ણ

જાણે અને સંપૂર્ણ દેખે એવો જ સ્વભાવ છે. આત્મા કદી રાગરૂપ થાય નહિ અને અલ્પજ્ઞપણે રહે નહિ એવો એનો સ્વભાવ છે. પરને ન જાણે એવો સ્વભાવ નથી અને પરને જાણતાં તન્મય થાય નહિ એવો સ્વભાવ છે.

આ ભેદજ્ઞાન કરાવે છે હો! વસ્તુનું સ્વરૂપ જ આ રીતે છે. જ્ઞાનનું જાણવું તો પરનું હો કે પોતાનું હો બંને સમાન જ છે. જાણવામાં કાંઈ ફેર નથી. જેમ પોતાને સંદેહ રહિત જાણે છે તેમ જ પરનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને સંદેહ રહિત જેમ છે તેમ જાણે છે.—એમ નિ:સંદેહ જાણો.

એક સમયની જ્ઞાનની પર્યાય પૂર્ણ છે અને સામે નિમિત્ત તરીકે લોકાલોક પણ પૂર્ણ છે. ભૂત-ભવિષ્યની વાત નથી. વર્તમાનમાં જ નિમિત્ત અને તે સંબંધીનું જ્ઞાન બંને પૂર્ણ છે. લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તેને જાણે છે પણ જ્ઞાન તેને અડતું નથી, જ્ઞાન નિમિત્તમાં જતું નથી અને નિમિત્ત જ્ઞાનમાં આવતું નથી. સ્વનું હોવાપણું પરમાં ન જાય અને પરનું હોવાપણું સ્વમાં ન આવે એવું વસ્તુનું સ્વરૂપ છે.

જગતમાં અનેક પદાર્થ છે તે કદી એક થતાં નથી. અનેકને જ્ઞાન અનેકપણે જાણે છે પણ જ્ઞાન અનેકપણે થતું નથી. પોતાને જાણતાં જ્ઞાન પોતામાં તન્મય છે પણ પરને જાણતાં જ્ઞાન પરમાં તન્મય નથી. પોતામાં જ તન્મય છે. પણ પરસંબંધીનું જ્ઞાન તો જેવું સ્વનું સ્પષ્ટ જ્ઞાન થાય છે તેવું પરનું જ્ઞાન થાય છે. પરમાં જ્ઞાન તન્મય થતું નથી માટે પરના જ્ઞાનનો જ અભાવ છે એમ નથી. આવો ભગવાન જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સામર્થ્ય સ્વભાવ છે. આમ બરાબર જાણે અને નક્કી કરે તો આત્માની સન્મુખ થઈને સમ્યગ્દર્શનની પ્રતીત થાય. [ ક્રમશઃ ]

* ધાર્મિક શિક્ષણવર્ગ :— નાતાલની રજાઓ નિમિત્તે સોનગઢમાં તા. ૨૪-૧૨-૯૧ થી તા. ૨-૧-૯૨ સુધી દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે.

—*—

## ॥ વૈરાગ્યજનની : બાર ભાવના ॥

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૩૧૧–૩૧૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

### " અધ્યાત્મદષ્ટિમાં મુખ્ય–ગૌણનું રહસ્ય "

[ સાધકજીવની દૃષ્ટિમાં સદાય અભેદની જ મુખ્યતા હોય છે ]

અધ્યાત્મશાસ્ત્રમાં જ્યાં નિશ્ચય–વ્યવહારનય કહ્યા છે ત્યાં પણ એ બંનેના પરસ્પર વિધિ–નિષેધપૂર્વક સપ્તભંગથી વસ્તુને સાધવી. જો એકને સર્વથા અસત્યાર્થ માનવામાં આવે તો ત્યાં મિથ્યા–શ્રદ્ધાન થાય છે. માટે ત્યાં પણ કથંચિત્ સમજવું.

અનેકાન્ત તે વસ્તુનું સ્વરૂપ છે. નવે તત્ત્વોને અનેકાન્તથી જે જીવ જાણે તે જીવ સમ્યગ્દષ્ટિ હોય છે. અધ્યાત્મકથનીમાં અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહ્યો છે, ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે ને નિશ્ચયની દૃષ્ટિમાં તેને અભૂતાર્થ કહ્યો છે. પણ તે વ્યવહાર સર્વથા છે જ નહીં અથવા તો તે પરને લઈને છે એમ નથી.

વળી અન્ય વસ્તુને અન્યમાં આરોપણ કરી પ્રયોજન સાધવામાં આવે તેને ઉપચારનય કહેવામાં આવે છે અને તે પણ વ્યવહારનયમાં જ ગર્ભિત છે એમ કહ્યું છે, જ્યાં પ્રયોજન નિમિત્ત હોય ત્યાં ઉપચાર પ્રવર્તે છે.

અધ્યાત્મદષ્ટિમાં તો એકલા સ્વદ્રવ્યની જ વાત છે. સ્વદ્રવ્યમાં અભેદને પ્રધાન કરીને તેને નિશ્ચય કહ્યો, ને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો—અભૂતાર્થ કહ્યો—અને પરવસ્તુનો આરોપ કરીને કથન કરવું તે પણ ઉપચાર છે તે પણ વ્યવહારમાં ગર્ભિત છે.

" જેમ 'ઘીનો ઘડો' કહીયે ત્યાં માટીના ઘડાના આશ્રયે ઘી ભર્યું હોય ત્યાં વ્યવહારીજનોને આધાર–આધેયભાવ દેખાય છે, તેને પ્રધાન કરીને કહેવામાં આવે છે કે 'ઘીનો ઘડો છે'. લોકો પણ એમ જ કહેવાથી સમજે અને ઘીનો ઘડો મંગાવે તો તેને લાવે, તેથી ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે." ઘડો તો માટીનો છે પણ તેમાં ઘીના સંયોગે તેને 'ઘીના ઘડા' તરીકે લોકો ઓળખે છે. તેથી ઘીનો ઉપચાર કરીને માટીના ઘડાને પણ ઘીનો ઘડો કહ્યો. ત્યાં ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે. કઈ રીતે? કે જેને એકલા ઘડાની ખબર નથી ને ઘડાના આધારે ઘી રહ્યું છે તેથી ઘીનો ઘડો કહેવાથી લોકો ઝટ ઓળખે છે અને 'ઘીનો ઘડો' કહેતાં તે ઘડો લાવવાનું સમજી

જાય છે. આટલી અપેક્ષાએ ઉપચારમાં પણ પ્રયોજન છે પણ ઉપચાર તે જ વસ્તુસ્વરૂપ નથી એ અપેક્ષાએ તેને અપ્રયોજનભૂત કહેવાય છે. પણ જો સર્વથા અપ્રયોજનભૂત હોય, કાંઈ પણ પ્રયોજન ન હોય તો ઉપચારનું કથન શા માટે કરે? માટે ઉપચારમાં પણ પ્રયોજન સંભવે છે.

એ જ પ્રમાણે અભેદનયને મુખ્ય કરવામાં આવે ત્યાં અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતો નથી, ત્યારે તેમાં જ ભેદ કહેવા તે અસત્યાર્થ છે એટલે ત્યાં પણ ઉપચાર સિદ્ધ થાય છે.

ભેદ છે તે અભેદ વસ્તુમાં નથી, અભેદની મુખ્ય દૃષ્ટિમાં ભેદ દેખાતા નથી કેમકે અભેદ તે અભેદ છે, તેમાં ભેદ નથી ને ભેદમાં અભેદ નથી. જેમ ઘી તે ઘડો નથી ને ઘડો તે ઘી નથી. બંને જુદી વસ્તુ છે. તેમ અભેદમાં ભેદ નથી ને ભેદમાં અભેદ નથી. પણ તેમને સર્વથા વસ્તુભેદ કે પ્રદેશભેદ નથી. ભેદરૂપ પર્યાય તે વસ્તુનો અંશ છે, પણ અભેદરૂપ દ્રવ્યની દૃષ્ટિમાં તે ભેદ દેખાતો નથી. તેથી અભેદ જ્ઞાયકસ્વરૂપમાં ભેદ કહેવા તે અસત્યાર્થ છે, ઉપચાર છે. પર્યાય છે તે સામાન્ય દ્રવ્યની છે, ભેદ છે તે અભેદનો છે, વિશેષ છે તે સામાન્યનું છે—એમ કહેવું તે પણ અસત્યાર્થ છે, ઉપચાર છે. અભેદમાં અભેદ જ છે ને ભેદ નથી. સામાન્ય તે સામાન્ય જ છે ને વિશેષ નથી. એ રીતે અભેદમાં ભેદ નથી છતાં અભેદમાં ભેદ કહેવા તે ઉપચાર છે. આત્માને કેવળજ્ઞાન પર્યાય ઊઘડી, આત્માને ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ્યું એમ કહેવું તે અભેદદૃષ્ટિમાં ઉપચાર છે. પરને લીધે જીવની પર્યાય થાય એમ માને તેને તો પર સાથે એકત્વબુદ્ધિ થઈ તે તો મિથ્યાદૃષ્ટિ છે.

સમયે સમયે ક્ષેત્રાંતર પોતાની યોગ્યતાથી થાય છે. ઇચ્છાથી કે કર્મના ઉદયથી ક્ષેત્રાંતર થતું નથી. ઘીના ઘડાનો દાખલો આપીને અહીં ઉપચારનું પ્રયોજન ઓળખાવે છે. પરથી તો આત્મા જુદો જ છે એટલે પરને લીધે તેની પર્યાય થાય-એમ માને તે તો અજ્ઞાની છે. પણ સામાન્યરૂપ અભેદ દ્રવ્ય છે ને એક સમયની વિશેષરૂપ પર્યાય છે— ત્યાં અભેદની દૃષ્ટિમાં ભેદ તે ઉપચાર છે. કર્મ નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા નિમિત્તથી કથન કર્યું કે "આ કર્મના ઉદયથી આમ થયું"—તે કથન "ઘીના ઘડા"ની જેમ ઉપચારનું છે. તો અભેદની દૃષ્ટિમાં ભેદ છે નહીં તેથી અભેદમાં ભેદ કહેવા તે પણ ઉપચાર છે. પરની તો વાત નથી પણ પોતામાં ને પોતામાં અભેદમાં ભેદ કહેવા તે ઉપચાર છે; સામાન્યનું વિશેષ છે એમ કહેવું તે ઉપચાર છે. દ્રવ્યની પર્યાય છે એમ કહેવું તે પણ ઉપચાર છે. નિશ્ચયનો વિષય દ્રવ્ય છે ને વ્યવહારનો વિષય પર્યાય છે. નિશ્ચયના વિષયમાં વ્યવહારનો વિષય નથી. છતાં અભેદમાં ભેદ કહેવા તે ઉપચાર કથન છે. ઘીનો ઘડો કહેવામાં જેમ ઘડાને ઓળખાવવાનું પ્રયોજન છે, તેમ અહીં ભેદને

અભેદ કહેવું તેમાં તો પ્રયોજન છે જ નહીં. અભેદદૃષ્ટિમાં ભેદ નથી. અભેદદૃષ્ટિ કરવામાં લાભ છે કેમકે અભેદના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે. પણ ભેદના આશ્રયમાં તો કાંઈ પ્રયોજન જ સિદ્ધ થતું નથી. તેથી ભેદને અભેદ કહેવું તેમાં તો કાંઈ પ્રયોજન નથી. નિર્મળ પર્યાય થઈને જેટલી અભેદ થઈ, તેટલી તો અભેદમાં ભળી ગઈ, જુદો વિષય ન રહ્યો. અધ્યાત્મદૃષ્ટિના અભેદ વિષયમાં ભેદ નથી. જુઓ, આ અંતરની દૃષ્ટિનો વિષય છે. આ મૂળ વસ્તુ છે. ચારિત્ર તે ધર્મ છે. તેનું મૂળ સમ્યગ્દર્શન છે, પણ તે સમ્યગ્દર્શનનું મૂળ 'અભેદ' છે. ભેદ નિમિત્ત કે વ્યવહાર તે કાંઈ સમ્યગ્દર્શનનું મૂળ નથી, અભેદના આશ્રયે જ સમ્યગ્દર્શન છે. શાસ્ત્રનું જ્ઞાન પણ આશ્રય નથી, જિનપ્રતિમાના દર્શન વગેરેને સમ્યગ્દૃષ્ટિનું કારણ કહ્યું છે તે તો ફક્ત નિમિત્ત છે.

કેવળજ્ઞાનનું મૂળ ચારિત્ર, ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનનું મૂળ "અભેદવસ્તુ".

જેને કેવળજ્ઞાન કરવું હોય તેને સમ્યક્ ચારિત્ર જોઈશે, સમ્યક્ચારિત્ર કરવું હોય તો પ્રથમ સમ્યગ્દર્શન જોઈશે, ને સમ્યગ્દર્શન માટે આવી અભેદ વસ્તુ સમજવી જોઈશે.

માટે જીવનું પ્રયોજન સિદ્ધ કરવા માટે અધ્યાત્મદૃષ્ટિમાં અભેદને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે, ને તેમાં ભેદનો અભાવ છે, માટે અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે.

આ મુખ્ય-ગૌણના ભેદને-રહસ્યને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. અભેદદૃષ્ટિમાં પર સાથે તો સંબંધ છે જ નહીં પણ અભેદમાં ગુણ-ગુણી ભેદ પણ નથી. કેવળજ્ઞાન પર્યાયનો ભેદ પણ નથી. આવી અભેદ વસ્તુને અંતરની દૃષ્ટિમાં જ્યાં સુધી ન લે ત્યાં સુધી સમ્યગ્દર્શન, ચારિત્ર, વીતરાગતા કે કેવળજ્ઞાન થતું નથી. અહો! અંદરમાં વસ્તુને દૃષ્ટિમાં લેવી જોઈએ. ચૌદ ગુણસ્થાન, જ્ઞાનના પાંચ ભેદો વગેરે માર્ગણાસ્થાનો તે પણ મારા અભેદ સ્વરૂપની દૃષ્ટિમાં અભૂતાર્થ છે. ભેદ છે તેના લક્ષે રાગ થાય છે ને અભેદ દ્રવ્યની દૃષ્ટિમાં વીતરાગતા થાય છે. માટે અધ્યાત્મમાં અભેદની જ મુખ્યતા કરીને અભેદમાં ભેદને અસત્યાર્થ કહ્યો છે. જુઓ, આ વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે તેનું રહસ્ય છે. અભેદસ્વભાવની દૃષ્ટિ કરી ત્યાં ગુણ-ગુણી ભેદ પણ દેખાતો નથી. અધ્યાત્મની આ વાત સમજવી તે જ મૂળ ચીજ છે. આ સિવાય પરથી રાગ માને, નિમિત્તથી વિકાર થાય એમ માને તો મિથ્યાત્વની મોટી જડ છે. અહીં તો અધ્યાત્મની સૂક્ષ્મ વાત છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયસારમાં કહે છે કે:—

ववहारोऽभूयत्थो भूयत्थो देसीदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो ॥ ११ ॥

અભેદમાં ભેદ નથી, એવી અભેદ સ્વભાવની દૃષ્ટિ તે જ ભૂતાર્થ દૃષ્ટિ છે. અભેદની મુખ્યતાની આવી કથનપદ્ધતિ સનાતન જૈન દિગંબર ધર્મ સિવાય બીજા કોઈ ઠેકાણે નથી. આ કથની સર્વજ્ઞની પરંપરા સિવાય બીજા સ્થાનમાં છે જ નહીં. દિગંબર જૈનમાર્ગ કહો કે વીતરાગતાનો માર્ગ કહો તે એકાર્થ છે. તે વીતરાગતા કેમ પ્રગટે તેની આ વાત છે.

વીતરાગતા તે તાત્પર્ય છે પણ તે વીતરાગતા કેમ પ્રગટે ? કે અભેદ સ્વભાવની દૃષ્ટિ કરે તો વીતરાગતા પોતે તો પર્યાય છે. અભેદ દૃષ્ટિમાં તે વીતરાગ પર્યાયની પણ ગૌણતા છે. અભેદ વસ્તુમાં વીતરાગ પર્યાય પણ અભૂતાર્થ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે અભેદ દૃષ્ટિમાં અભૂતાર્થ છે. અભેદ દૃષ્ટિમાં એકાકાર અભેદ ચૈતન્યદ્રવ્ય જ મુખ્ય છે. એ જ તેનો વિષય છે.

જુઓ, આ અભેદની મુખ્યતાની વાત ઘણી ગંભીર છે. શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગતા છે. એટલે નિમિત્ત-રાગ–પર્યાય ને ભેદની દૃષ્ટિ છોડીને, અખંડ અભેદ વસ્તુનું અવલંબન લીધું ત્યાં વીતરાગતા પ્રગટી તે વીતરાગ પર્યાય પણ વ્યવહારનો વિષય છે. અભેદદૃષ્ટિમાં વીતરાગ પર્યાય કહેવી તે ઉપચાર છે. અભેદમાંથી વીતરાગ પર્યાય પ્રગટી એમ કહેવું તે પણ વ્યવહાર છે. જે વ્યવહાર–રત્નત્રયનો શુભરાગ છે તેને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર છે. નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પર્યાયને મોક્ષનું કારણ કહેવું તે પણ વ્યવહાર છે, ને અભેદના આશ્રયે વીતરાગ પર્યાય પ્રગટી તેને ભેદ પાડીને કહેવી તે પણ વ્યવહાર છે. ખરેખર "વીતરાગ પર્યાય પ્રગટી એવું પણ અભેદ-દૃષ્ટિમાં નથી. સમ્યગ્દર્શનાદિ પર્યાય તો અભેદમાં ભળી ગઈ. ત્યાં ભેદ પાડીને કહેવું કે અભેદના આશ્રયે સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી—તે પણ વ્યવહાર છે." અભેદદૃષ્ટિ વગર સમ્યગ્દર્શન થતું નથી. ગમે તેટલો જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ હો ગમે તેવો શુભરાગ હો પણ આવી અભેદદૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી. માટે અધ્યાત્મદૃષ્ટિમાં મુખ્ય-ગૌણની આ વાત ખાસ સમજવા જેવી છે. કોઈને એકાંત ન થઈ જાય, તેમજ અભેદદૃષ્ટિ પણ ન છૂટે એવી આ વાત કરી છે.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ.
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.

જુઓ સમયસારમાં ચૌદ ગુણસ્થાન વગેરે પુદ્‌ગલના પરિણામ કહ્યા ત્યાં અભેદની જ્ઞાયકની દૃષ્ટિ કરાવવા માટે કહ્યું છે. પણ કર્મને લીધે જીવના પરિણામ થાય છે એમ

ન સમજવું. ક્ષાયિકભાવને પણ પુદ્‌ગલના પરિણામ કહ્યા, કેમ? કે ક્ષાયિકભાવ ઉપર લક્ષ કરતાં રાગ થાય છે, ને રાગથી કર્મ બંધાય છે. તેનાથી આત્મામાં એકતા થતી નથી, માટે તે ક્ષાયિકભાવનું લક્ષ છોડાવીને અભેદની દૃષ્ટિ કરાવવા માટે એમ કહ્યું કે ક્ષાયિકભાવ પણ પુદ્‌ગલના પરિણામ છે. ક્ષાયિકભાવ છે તો પોતાની પર્યાય પણ તે પર્યાય ઉપરની દૃષ્ટિથી રાગ થાય છે. માટે અભેદ દૃષ્ટિ કરાવવા માટે અભેદની મુખ્યતા કરીને તે ભેદનું પણ લક્ષ છોડાવ્યું છે. આવી અધ્યાત્મ શૈલીને સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. અથવા આવી અધ્યાત્મશૈલીને જાણે તેને જ સમ્યગ્દર્શન થાય છે. મિથ્યાદૃષ્ટિ અનેકાંત વસ્તુને જાણતો નથી પણ સર્વથા એક ધર્મ ઉપર દૃષ્ટિ પડતાં તેને જ સર્વથારૂપ માની અન્ય ધર્મોને કાંતો સર્વથા ગૌણ કરી અસત્યાર્થ માને છે અને કાંતો અન્ય ધર્મોનો સર્વથા અભાવ જ માને છે. મિથ્યા-શ્રદ્ધાનને દૃઢ કરે છે.

અજ્ઞાની કાંતો અભેદને જ પકડીને ભેદને માનતો જ નથી, અથવા ભેદરૂપ પર્યાય પરને લીધે થાય છે એમ માને છે તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયને પોતાની માને જ નહીં, ને એકાંત અભેદ પકડે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. અભેદ દૃષ્ટિમાં ભેદને ગૌણ કહ્યો છે, પણ કાંઈ ભેદને સર્વથા અસત્ય નથી કહ્યો. જ્ઞાની તો અભેદ દ્રવ્યની દૃષ્ટિ રાખીને પર્યાયને જાણે છે.

અજ્ઞાનીને અનાદિનું અગૃહિત મિથ્યાત્વ તો છે, ને એકાંત પકડીને વળી તે મિથ્યાત્વને દૃઢ કરે છે. અહો! અધ્યાત્મનું રહસ્ય તો જુઓ. અભેદની મુખ્યતાથી જ સમ્યગ્દર્શન થાય છે, અભેદની મુખ્યતાથી જ સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે.

હું સર્વ સામર્થ્યધર છું, કેવળજ્ઞાન મારી સર્વ સામર્થ્યરૂપ પર્યાય છે. પણ તે પર્યાય એક સમય પૂરતી છે, અભેદ દ્રવ્યની દૃષ્ટિમાં તે પર્યાય પણ ગૌણ છે. ક્ષાયિકભાવ તે તો જીવનો સ્વભાવભાવ છે, તે કાંઈ વિભાવભાવ નથી, પણ સાધકજીવને ક્ષાયિક-ભાવના લક્ષે વિભાવની ઉત્પત્તિ થાય છે, માટે સાધકને અભેદની દૃષ્ટિ કરાવવા માટે એમ કહ્યું કે "ક્ષાયિકભાવ પણ વિભાવ છે." ભેદને ગૌણ કરાવીને અભેદની દૃષ્ટિ કરાવવાનું સાધકને છે, કેમકે મુખ્ય ગૌણ સાધકને હોય છે, કેવળીને કાંઈ મુખ્ય-ગૌણ કરવાનું રહ્યું નથી. તેઓ તો પૂર્ણ થઈ ગયા છે. જેને હજી સાધકદશા છે તેને અભેદ સ્વભાવનું અવલંબન કરાવવા માટે અધ્યાત્મદૃષ્ટિમાં અભેદને મુખ્ય કહ્યો છે ને ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. અહો! આત્માના આનંદ સાગરમાં ઝૂલતા સંતોએ અલૌકિક વાત કરી છે. અભેદસ્વરૂપની દૃષ્ટિ કરાવવા ક્ષાયિકભાવને પણ વિભાવ કહ્યો. ત્યાં ક્ષાયિકભાવને સર્વથા પરનો માની લ્યે તો મિથ્યાત્વ દૃઢ થાય છે. * [ક્રમશઃ]

તા. ૧૦-૧૨-૯૧

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* ગુરુ ઉપકાર-સ્મૃતિના ૧૧માં વાર્ષિક અવસરે બહારગામથી અનેક મુમુક્ષુભક્તો પૂજ્ય ગુરુદેવની સાધના તેમ જ સમાધિભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી તીર્થધામના દર્શનનો, ગુરુદેવ પ્રતિ ભક્ત્યંજલિ સમર્પિત કરવાનો તથા અધ્યાત્મ-તત્ત્વજ્ઞાનનો લાભ લેવા આવ્યા હતા. પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી-જિનમંદિર તથા પ્રવચનસભા શ્રી સ્વાધ્યાયમંદિર મુમુક્ષુઓથી ખીચોખીચ ભરાઈ જતાં હતાં. આ પ્રસંગે અનંત-ઉપકારી મૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સવારે, બપોરે તથા સાંજે—ત્રણે ટાઇમ આધ્યાત્મિક અ વૈરાગ્યમય ટેપ-પ્રવચનો રાખવામાં આવ્યા હતા. રાત્રે વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી યાત્રાના પ્રસંગો બતાવ્યા બાદ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા બતાવવામાં આવતી હતી સવારે ટેપ-પ્રવચન બાદ અને બપોરે ટેપ-પ્રવચન બાદ આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા અનુક્રમે મંડલ-વિધાન-પૂજા અને જિનેન્દ્રભક્તિ કરાવવા આવતા હતા. આ વાર્ષિક સમાધિદિન નિમિત્તે કાયમી મંડલ વિધાન પૂજા—

સ્વ૦ શ્રી રતિલાલ હરગોવિંદદાસ મોદીના સ્મરાર્થે સોનગઢ, હાલ ઘાટકોપર ચંપાબેન રતિલાલ, તથા પ્રાસંગિક મંડલ વિધાન પૂજા—

(૧) શ્રી મનસુખલાલ મયાચંદભાઈ શાહ, કલકત્તા
(૨) શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયા, હ. મૂળચંતભાઈ ખીમચંદભાઈ
(૩) શ્રીમતી શૈલાબેન ચંદ્રકાંતભાઈ મહેતા, હ. પ્રવીણભાઈ

—તરફથી રાખવામાં આવી હતી.

* રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયાના સ્મરણાર્થે તે પરિવાર તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની સમાધિતિથિ પ્રસંગે પાંચ દિવસ માટે તેમ દીપાવલિ-પર્વ પ્રસંગે પાંચ દિવસ માટે અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના નિવાસસ્થાને તેઓશ્રીના ચિ સમક્ષ દર્શનાર્થી મુમુક્ષુઓ તરફથી મૂકવામાં આવેલી રકમ રૂા. ૧૭૮૩૫/=૯ જ્ઞાનખાતે જાહેર કરવામાં આવેલ છે.

* માગશર વદ આઠમ તા. ૨૮-૧૨-૯૧ને શનિવારના રોજ આપણા પરમ દિગંબર આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણ આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા થનારી પૂજાભ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

—૦—

આધ્યાત્મિક પ્રકાશન

## * સૂચિ–પત્ર *

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| **મૂળ શાસ્ત્ર** | |
| શ્રી સમયસાર | ૧૫–૦૦ |
| ,, પ્રવચનસાર | ૧૫–૦૦ |
| ,, નિયમસાર | ૯–૦૦ |
| ,, पंचास्तिकायसंग्रह | २०–०० |
| ,, પંચાસ્તિકાય સંગ્રહ | ૯–૦૦ |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧–૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮–૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦–૦૦ |
| ,, પદ્મનંદિ-પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रेक्षा | ६–५० |
| ,, સ્વામીકાર્તિકેનુપ્રેક્ષા | ૧૫–૦૦ |
| ,, ઇષ્ટોપદેશ | ૭–૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫–૫૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | ५–०० |
| ,, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય | ૫–૦૦ |
| ,, સમયસાર-કલશ | ૭–૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦–૦૦ |
| ,, नाटक समयसार | ७–०० |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૪–૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | ७–०० |
| ,, ચિદ્‌વિલાસ | ૧–૭૫ |
| ,, चिद्‌विलास | ७–०० |
| ,, અનુભવપ્રકાશ | ૨–૦૦ |
| ,, अनुभवप्रकाश | ५–०० |
| ,, સત્તાસ્વરૂપ | ૨–૫૦ |
| ,, सत्तास्वरूप | २–५० |
| ,, आत्म-अवलोकन | ४–०० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | ૧૭–૦૦ |
| ,, છ-ઢાળા | ૩–૫૦ |
| ,, छ-ढाला | ३–५० |
| ,, ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૪–૦૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩–૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | ३–०० |
| ,, બહેનશ્રીચે વચનામૃત (મરાઠી) | ૩–૦૦ |
| ,, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ | ૪–૫૦ |
| ,, द्रव्यदृष्टि प्रकाश | ११–०० |
| ,, આલોચના | ૧–૦૦ |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩–૦૦ |
| ,, સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી | ૩–૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા (૫ અધ્યાયવાળી) | ૩–૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका ( ,, ) | ३–०० |
| ,, સમયસાર હરિગીત | ૧–૦૦ |
| ,, પ્રવચનસાર હરિગીત | ૧–૦૦ |
| **પ્રવચન સાહિત્ય** | |
| શ્રી પ્રવચનરત્નાકર ભાગ–૨ | ૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૬–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૭–૫૦ |
| ,, ,, ,, ભાગ–૫ | ૮–૦૦ |
| ,, ,, ,, ભાગ–૬ | ૭–૦૦ |
| ,, ,, ,, ભાગ–૭ | ૮–૦૦ |
| ,, ,, ,, ભાગ–૮ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૯ | ૧૦–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૦ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૧૧ | ૧૪–૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
| --- | --- |
| શ્રી સમયસાર પ્રવચન ભાગ–૧/૨ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૫–૦૦ |
| ,, ,, ,, ભાગ–૫ | ૧૫–૦૦ |
| श्री समयसार प्रवचन भाग–२ | ७–०० |
| ,, ,, .. भाग–३ | ७–०० |
| ,, ,, ,, भाग–४ | ८–०० |
| ,, ઇષ્ટોપદેશ પ્રવચન | ૯–૦૦ |
| ,, આત્મભાવના ( સમાધિતંત્ર પર પ્રવચનો ) | ૫–૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧–૨૫ |
| ,, परमागमसार | ११–२५ |
| ,, વચનામૃત–પ્રવચન ભાગ–૧ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૩ | ૧૨–૦૦ |
| ,, ,, ,, ભાગ–૪ | ૧૨–૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૧૫–૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭–૦૦ |
| ,, શ્રાવકધર્મ પ્રકાશ | ૫–૦૦ |
| ,, રત્નકરંડશ્રાવકાચાર | ૧૨–૦૦ |
| ,, सम्यग्ज्ञान दीपिका | १३–०० |
| ,, સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧૩–૦૦ |
| ,, અધ્યાત્મસંદેશ | ૫–૫૦ |
| ,, ધર્મની ક્રિયા | ૫–૦૦ |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬–૦૦ |
| ,, वस्तुविज्ञानसार | ८–०० |
| ,, વીતરાગ–વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ–૧ | ૧–૨૫ |
| ,, ,, ,, ૨ | ૧–૫૦ |
| ,, ,, ,, ૪ | ૨–૨૫ |
| ,, वीतराग–विज्ञान ( छ ढाला प्रवचन ) भाग–१ | २–७५ |
| ,, ,, ,, २ | १–७५ |

| શાસ્ત્રનું નામ | કિ… |
| --- | --- |
| श्री वीतराग–विज्ञान ( छ ढाला प्रवचन ) भाग–३ | |
| ,, धन्यावतार | |
| ,, ધન્યાવતાર | |
| પૂજા ભક્તિ–સ્વાધ્યાય | |
| ,, જિનેન્દ્ર પૂજાપલ્લવ | |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | |
| ,, दशलक्षण विधानपूजा | ३– |
| ,, विधान–पूजा संग्रह | ८– |
| ,, सिद्धचक्र विधान पूजा | १०– |
| ,, નંદીશ્વરભજન–પૂજન સંગ્રહ | ૩– |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૨– |
| ,, સમવસરણ સ્તુતિ | ૧– |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૩– |
| ,, અષ્ટ પ્રાભૃત ( હરિગીત ) | ૧– |
| ,, શાસ્ત્રસ્વાધ્યાય | ૫– |
| ,, નિયમસાર ( ગુટકો ) | ૦– |
| ,, समाधितन्त्र ( गुटको ) | ०– |
| ,, अमृतकुम्भ | ४– |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | ५– |
| **અન્ય** | |
| શ્રી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | |
| ,, આત્મધર્મ જન્મશતાબ્દિ વિશેષાંક | |
| ,, आत्मधर्म जन्म शताब्दि विशेषांक | |
| ,, પૂજ્ય બેનશ્રીની સાધના અને વાણી | |
| ,, દ્વાદશ–અનુપ્રેક્ષા | |
| ,, તત્વાનુશીલન | |
| પૂજ્ય સોગાનીજીનાં આધ્યાત્મિક પત્રો | |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી જ્ઞાનામૃત | ૨-૦૦ |
| ,, ज्ञानामृत | २-०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩-૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨-૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १-०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩-૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३-०० |
| ,, ભગવાન આત્મા | ૩-૦૦ |
| ,, विधि-विज्ञान | ३-०० |
| ,, પ્રતિક્રમણ | ૨-૦૦ |
| ,, जैनतत्त्वमीमांसा | ६-०० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-२ | १-५० |
| ,, ,, ,, ,, भाग-३ | १-५० |
| ,, શોર્ટ રીડર ( અંગ્રેજી ) | ૦-૭૫ |
| ,, જૈન બાળપોથી ભાગ-૧ | ૧-૫૦ |
| ,, जैन बालपोथी भाग-१ | १-५० |
| ,, જૈન પ્રાયમર ( અંગ્રેજી ) | ૭-૦૦ |
| ,, મહારાણી ચેલણા | ૧-૦૦ |
| ,, ભગવાન પારસનાથ | ૧-૨૫ |
| ,, જંબૂસ્વામી ચરિત્ર | ૨-૦૦ |
| અધ્યાત્મ યુગપુરુષ શ્રી કાનજીસ્વામી | ૨-૦૦ |
| अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | २-०० |
| શ્રી પ્રવચનપીયૂષ | ૮-૦૦ |
| ,, અધ્યાત્મદૃષ્ટા | ૫-૦૦ |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | ૧-૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦-૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०-५० |
| ,, આરાધના | ૦-૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પરિચય પુસ્તિકા | ૧-૦૦ |
| ,, परिचय पुस्तिका | १-०० |
| ,, પરિચય પુસ્તિકા અંગ્રેજી | ૧-૦૦ |
| ,, 'પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું જીવન અને સંદેશ' ( અંગ્રેજી ) | ૨-૨૫ |
| ,, આત્મધર્મ ફાઈલ | ૩-૦૦ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩-૦૦ |
| ,, જિન શાસન સત્ત્વ | ૮-૦૦ |
| ,, प्रयोजन सिद्धि | २-०० |
| ,, जिनशासनसत्त्वं | ८-०० |

### માઉન્ટવાળા ફોટા

| | |
|---|---|
| ૧૪×૧૬ મોટી સાઈઝ કલર | ૨૧-૦૦ |
| ,, ,, ,, બ્લેક | ૧૨-૦૦ |
| ૧૦"×૧૨" મીડીયમ બ્લેક | ૭-૦૦ |
| ( માઉન્ટ વગરના ) કલર ફોટા | ૧૦-૦૦ |
| ( પોસ્ટકાર્ડ સાઈઝ ) કલર ફોટા | ૬-૦૦ |
| ( પાસપોર્ટ સાઈઝ ) ફોટા | ૧-૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦-૦૦ |
| નિત્યદર્શન | ૪-૦૦ |
| તીર્થધામ સોનગઢ ( કેલેન્ડર ) | ૭-૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫-૦૦ |
| સ્ટીકર | ૧-૦૦ |
| ટાઈલ્સ (ગુરુદેવશ્રીના ચરણ ચિહ્ન) | ૧૦-૦૦ |
| ,, ( ગુરુદેવશ્રીના ફોટા ) | ૭-૦૦ |

પુસ્તકોમાં ૧૦ % કમીશન શ્રી કળાવંતીબેન હસમુખલાલ વોરા તરફથી તેમ જ ૧૦% ખાદીવાળા પરિવાર ભાવનગર તરફથી એમ કુલ ૨૦ % કમીશન આપવામાં આવે છે.

## વૈરાગ્ય સમાચાર :—

* સરદારશહેરનિવાસી સ્વ. શ્રી દીપચંદજી શેઠીયાજીના મોટા પુત્ર શ્રી શુભક
(વર્ષ-૭૫ લગભગ) તા. ૨૫-૧૦-૯૧ના રોજ અંત-સમય સુધી જાગૃતિ
સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી (હાલ-સુરત) શ્રી જમનાબેન દેવશીભાઈ કચરાભાઈ
(વર્ષ-૭૮) તા. ૩૦-૧૦-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બરવાળાનિવાસી (હાલ-થાણા) શ્રી મહાસુખલાલ પ્રભુદાસ બા
તા. ૩-૧૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોરાવરનગરનિવાસી શ્રી શાંતાબેન હરજીવનદાસ શાહ (વર્ષ-૮૦)
૫-૧૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી નૌત્તમલાલ હરિલાલ દોશી (વર્ષ-૭૪) તા. ૧૭-૧૧-૯
રોજ દેવલાલી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી સ્વ. શ્રી જયંતિલાલ જગજીવનદાસ શાહના પુત્ર
સતીષચંદ્ર (વર્ષ-૫૦) તા. ૧૭-૧૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોમ્બાસાનિવાસી (હાલ લંડન) શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહના ધર્મપ
ડાહીબેન (વર્ષ-૮૬) કારતક વદ-૬ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી
ભવતાપનાશક વાણી સાંભળીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રત્યક્ષ સાંભળવા ઘણા વર્ષો સુ
સોનગઢ રહ્યા હતા. શ્વાસની બિમારીના કારણે લંડન રહેવાનું થવા છતાં ત્યાં પણ પૂ
ગુરુદેવશ્રીના પ્રવચનો આદિની આખો દિવસ પ્રસન્નતાથી સ્વાધ્યાય કરતા હતા. તેમ
સ્વાધ્યાયનો ઘણો રસ હોવાથી ૪૦ વર્ષથી રાત-દિવસ સ્વાધ્યાયમાં જ ચિત્ત ચોંટી રહેલ
પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ પૂજ્ય બહેનશ્રીની તેમના ઉપર ઘણી કૃપા હત
શ્રી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણી રુચિ અને ભક્તિ હતી. શાસ્ત્રપ્રચાર અને ભોજનાલ
આદિમાં મોટી રકમોનું દાન આપવામાં તેઓ ખૂબ પ્રસન્નતા અનુભવતા. અંતિ
સ્થિતિમાં પણ જાગૃતિપૂર્વક દેહ છોડયો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીન
ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયક
રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-
ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલ
આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ
પામો એ જ ભાવના.

## પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેઈપ-રેકોર્ડ થયેલાં આધ્યાત્મિક પ્રવચનોની વિગત : –

| શાસ્ત્ર | કુલ પ્રવચનો | નોંધ |
|---|---|---|
| ૧ શ્રી સમયસાર | ૩૩૦૨ | ૧૯મી વખતના ૫૫૧ પ્રવચનો |
| ૨ શ્રી પ્રવચનસાર | ૯૭૩ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૬૦ પ્રવચનો |
| ૩ શ્રી [illegible]સાર | ૧૪૩૦ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૨૦ પ્રવચનો |
| ૪ શ્રી [illegible]અસ્તિકાય | ૧૦૫ | છેલ્લી વખતના ૭૭ પ્રવચનો |
| ૫ શ્રી [illegible]પ્રાહુડ | ૪૦૨ | છેલ્લી વખતના ૨૦૬ પ્રવચનો |
| ૬ શ્રી [illegible]સોનાં વચનામૃત | ૨૩૧ | સળંગ ૧૮૧ પ્રવચનો |
| ૭ શ્રી [illegible] કળશટીકા | ૧૦૫૫ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૩૨૫ પ્રવચનો |
| ૮ શ્રી [illegible]નપ્રકાશ | ૩૮૧ | આખા શાસ્ત્ર ઉપરના સળંગ ૨૧૬ પ્રવચનો |
| ૯ શ્રી [illegible]ર નાટક | ૨૦૦ | એક જ વખત (૧૯૭૧)ના પ્રવચનો |
| ૧૦ શ્રી [illegible] | ૫૦ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૧ [illegible]શ | ૫૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| ૧૨ [illegible]સાર | ૪૫ | એક જ વખત (૧૯૬૬)ના પ્રવચનો |
| [illegible] પુરુષાર્થસિદ્ધિઉપાય | ૮૯ | એક જ વખત (૧૯૬૭)ના પ્રવચનો |
| [illegible]ી સમાધિતંત્ર | ૧૧૫ | એક જ વખત (૧૯૭૫)ના પ્રવચનો |
| ૧૫ શ્રી વિષાપહાર સ્તોત્ર | ૭ | એક જ વખત (૧૯૬૨)ના પ્રવચનો |
| ૧૬ શ્રી પદ્મનંદી-પંચવિંશતિ | ૧૩ | શ્રાવકાચાર, દેશવ્રતોદ્યોતન, આલોચના અધિકાર ઉપરના ૧૯૬૧ના પ્રવચનો |

કુલ ૮૪૫૩ પ્રવચનો; એક વખતના કુલ પ્રવચનો : ૨૬૧૦

તદુપરાંત,

* પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્યભીના મધુર કંઠે ગવાયેલી છ-ઢાળા તેમ જ જિનેન્દ્રભક્તિની ૧-૧ કેસેટ;

* પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિભિન્ન પ્રસંગોની તત્ત્વચર્ચાની ૮ કેસેટ અને ભક્તિની ૪ કેસેટ;

* આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ પ્રતિક્રમણની ૧-કેસેટ અને સ્વાધ્યાય-સુધાની ૧-કેસેટ.

# 卐 ગુરુદેવે માર્ગ બતાવ્યો છે 卐

પ્રથમ ભેદજ્ઞાનના અભ્યાસરૂપ દશા પ્રગટ થતાં સ્વાનુભૂતિ થાય છે. વિકલ્પનો આશ્રય નહિ પરંતુ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. ચૈતન્યનો આધાર—અવલંબન લેવાથી વિકલ્પ છૂટી જાય છે. નિરાવલંબન થવાથી વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યનો આધાર લેવાથી વિકલ્પ તૂટીને અંદરથી સ્વાનુભૂતિ થાય છે. ચૈતન્યના અવલંબનરૂપ, માત્ર ચૈતન્યમાં લીનતારૂપ, ચૈતન્ય તરફ ઝૂકતી—એવી પરિણતિ કરવાથી તે પ્રગટ થાય છે. માત્ર વિચાર કર્યા કરવાથી નહિ, પરંતુ વિચાર કરી, તેનો પુરુષાર્થ કરીને અંદરમાં જે પરિણતિ પ્રગટ કરે તો તેમાંથી કોઈ અપૂર્વ દશાની પ્રાપ્તિ થાય છે. આ કરવા જેવું છે અને તે જ મુક્તિનો માર્ગ છે. ગુરુદેવે એ જ માર્ગ બતાવ્યો છે.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ મોચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-

A ૬૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, બી. એડ. કોલેજ,
વાયા–સોનગઢ સણોસરા–૩૬૪૨૩૦ (સૌ.